મુમુક્ષુવિચારણા

લેખનાર
- જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી,
શિનોર, તા: [illegible], (વડોદરા રાજ્ય.)

રામ ? અબ તુમ કબ સુમરોગે રામ ?

* * *

ભાઈ, સાધો ! હો દિનકા હૈ મુકામ !
અબ ૦

સુમરો દિન ને રાત હરિ બિના સબ જૂઠી બાત !
હરિ હરિ ૦

॥ अमूल्य ॥

॥ ॐ ॥

નિવેદન

આ સાથેનાં પાનાંઓમાં એક વિસ્તારી પત્ર મ્હારા એક કાગળના જવાબમાં લખાયલો છે. મ્હ માટે એ જીવનમાં બહુ ઉપયોગી મદદ કર પરમાત્મા તરફના માર્ગ માટે પ્રકાશ આપનાર અને એટલા માટે બીજા મિત્રો , સ્નેહીસંબન્ધીઓ બહેનો પણ એનો લાભ લે એવી ઈચ્છાથી મ્હેં એ વાની પરવાનગી માગી . છપનારે પ્રથમાવૃત્તિ છ પરવાનગી ખૂશીથી આપી હતી, અને તેની તમામ ન પૂરી થઈ જવાથી બીજી આવૃત્તિ છપાવવાની પણ પરવા ખુશીથીઆપી છે અને તે અનુસાર મુમુક્ષુઓની સે ઉપયોગી થવાની વૃત્તિથી પરમાત્મા કૃપાવડે આ આવૃત્તિની પાંચસેં નકલો મફત વહેંચવાને આ છપાવી શકયો છું . ॐ જય સચ્ચિદાનન્દ !

મુ. કીમ , (જીલ્લે સુરત.)
તા. ૧૧ : ૭ : ૧૯૨૦ .

સંતચરણરજ
પુરુષોત્તમદાસ રણછોડ
કાપડના વે

આત્મા અરુ પરમાત્મા, અલગ રહે બહુ કાલ ;
સુન્દર મેલા કર દિયા ! સદ્ગુરુ મિલા દલાલ ! ગુરુ
ગુરુ ગોવિન્દ દોનોં ખડે ! કિસકો લાગું પાય ?
બલિહારી ગુરુદેવકી ! ગોવિન્દ દિયા બતાય ! ગુ

છાપનાર—વિઠ્ઠલદાસ કીકાભાઈ "ધી સુંદર પ્રીન્ટીંગ
લીમડાચોક—સુરત.

ॐ

मुमुक्षुविचारपानु

शुद्धिपत्र

—: ॥ ॐ ॥ :—

પૃષ્ઠાંક.	પેરેગ્રાફ ને લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪	૨—૧	ॐ	ॐ
૩	૪	ગુજરાતી	ગૂજરાતી
	૨—૩	હુઝુરમાં	હુઝૂરમાં
	૨—૬	ગુજરાતી	ગૂજરાતી
૫	૨—૫	ખુલી	ખૂલી
૭	૨—૬	થઇ	થઇને
૮	૨—૧	મુ	મુદ્દ
	૨—૭	જોગવસિષ્ઠની	જોગવસિષ્ટની
૯	૧—૭	ચુંકના	ચૂંકના
૧૦	૫—૧	રાખવા	રાખવી
૧૧	૫—૯	લાબી	લાંબી
	૫—૧૦	માર્ગના જ	માર્ગની જ
૧૨	૧—૨	જાઇયે	જોઇયે
	૧—૯, ૧૪	'સેકન્ડબુક'	'સેકન્ડબૂક'
૧૩	૩—૬	રહેલા	રહેલા
૧૪	૩—૭	અને	અને
	૩—૧૬	શરમ ! !	શરમ !
	૩—૧૭	થેડી	થોડી
	૩—૨૦	હરીનું	હરિના
૧૫	૩—૧૦	તદન	તદ્દન
૧૬	૨—૧૮	ॐ त्सत् ॥	ॐ तत्सत् ॥
	૩—૩	અકસ્માતે	અકસ્માતે
૧૮	૨—૧૦	જરૂર હારે છે	જરૂર જ હારે છે
	૨—૧૧	ॐ तत्सत्	ॐ तत्सत् ॥
	૩—૫	અંદર	અંદર
૧૯	૨—૫	હરિ	હરિ
૨૦	૧—૩	સદ્ગુરુવૈંદ્ય	સદ્ગુરુવૈદ્ય
	૧—૧૫	પરમાત્માપ્રીતિ	પરમાત્મપ્રીતિ
	૨—૧૦	હમારા૦ !	હમારા૦

	લીટી	અશુદ્ધ	શુદ્ધ.
૨૧	૧–૩	**ॐ रामतूंहि**	**ॐ रामतूंहि ॥**
	૨–૨	તુરત જ	તુરત જ
	૩–૨	**સાહેબ**	**સાહેબ**
૨૨	૧–૨	અતે	અને
	૧–૪	**ॐ तत्सत**	**ॐ तत्सत् ॥**
૨૩	૨–૨	હૈયાં	હૈયાં
	૪–૮	**એ**	ઐ
૨૬	૧–૪	ॐ	ॐ
૨૮	૧–૫	યતિ	યતિ
૩૨	૪–૨	આઠી	અઠી
૩૫	૪–૧	બે ક્કા	બે કક્કા
૩૭	૧–૧૧	અજી	અજી !
૩૮	૧–૧૦	**શાત્ત**	**શાન્ત**
	૨–૫	પાજ્યાનું	પજ્યાનું
૩૯	૧–૨	**ॐ तत्सतं ॥**	**ॐ तत्सत् ॥**
	૨–૬	કટકારવું	કટકારવું
	૩–૬	**हृदये**	**हृदये**
	૪–૩	**ભકતો**	**ભક્તો**
	૫–૧	હરિનામ	હરિનામ
૪૨	૨–૨	સરહી	સરાહી
	૩–૪	**ॐ तत्मत ॥**	**ॐ तत्सत् ॥**
	૪–૧૦	**સુવાનુ**	**સુવાનું**
૪૩	૧–૧	તો હક્ક છે	તો હક્ક છે
૪૪	૧–૬	રહેવું જ	રહેવું જ
પૂ.ઠું	નિવેદન ૧૦	ખુશીથી	ખુશીથી
	૧૧	**પરમાત્મા કૃપા-વડે**	**પરમાત્મકૃપાવડે**
પાછલું પૂ.ઠું	૬	દુ:ખ	દુ:ખ
	દરેક સાખી	**ગુરુ૦ ગુરુ૦**	ગુરુ ગુરુ૦
	અંતે	**ॐ शान्तीः**	**ॐ शान्तिः**
	અંતે	**शान्तीः**	**शान्तिः**
		शान्तीः	**शान्तिः**

प्रेमधर्म

मुमुक्षुविचारणा

मागर

ॐ

गुरु गुरु गुरुदेवकी जय ।

जय जय गुरुदेवकी जय ॥ गुरु गुरु ० ॥

❋

हरे राम हरे राम राम राम हरे हरे

हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ॥ हरे

॥ ॐ ॥

ॐ

॥ सत्गुरवे परमात्मने नमः ॥

प्रेम ! आनन्द ! शान्ति !

મુમુક્ષુવિચારણા

ૐ પ્રિય નિજરૂપ પુરુષોત્તમદાસ ,

મુ. કીમ .

વારંવાર શ્રી હરિસ્મરણપૂર્વક આશીર્વાદ. વિ – તમારો પત્ર મળ્યો છે. તમારી સાથે થોડીક વાતો તો જરૂર કરવી જોઇયે :—

૨ – જેવી ગુજરાતી નિશાળ, જેવી અંગ્રેજી નિશાળ અને જેવો સંસ્કૃત નિશાળ અને તે પછી ડાક્તરની, વકીલની અને ઇજનેરની કૉલેજો, એવી જ શ્રી હરિની હુઝુરમાં જવાને જીવાત્માને કેળવવા માટેની કર્મની, ભક્તિની, યોગની અને જ્ઞાનની નિશાળો અને કૉલેજો છે. અંગ્રેજી નિશાળમાં ભણનારને ગુજરાતી ભાષાના કેટલાક નિયમો કેવળ છોડી દઇને નવા નિયમો

પ્રમાણે જ ભણવું પડે છે અને તો જ એ એને આવડે અને તો જ શિક્ષક એને ભણાવી શકે છે. નવી નિશાળમાં દાખલ થવા છતાં, જૂની નિશાળના નિયમોને જ વળગી રહેનાર વિદ્યાર્થીને શિક્ષક ભણાવી શકતો નથી, પણ શિક્ષા કરીને સુધારે છે અને નવી નિશાળના નિયમો સમજણ, પ્રેમ, ભય અને શિક્ષાથી પળાવે છે. એ નિયમો, તે છતાં પણ, જો પાળવામાં ન આવે તો વિદ્યાર્થીને કશો લાભ થતો નથી. આપણા દેશમાં ઘણાં ભાઈબ્હેનો લાંબી મુદતથી દેવદર્શન, પાઠપૂજા અને વ્રત, તીર્થયાત્રા વગેરે કરનારાં હોય છે, અને છતાં **શ્રી હરિ**નો સ્વાનુભવ પામેલાંનથી હોતાં, એનું કારણ એ જ છે કે ભક્તિની **પાઠશાળા**ના નિયમોનું આગ્રહથી પાલન કરીને ભક્તિ થતી નથી. **ભક્તિની પાઠશાળાના નિયમો ભક્તો**ની વાણીમાંથી જડે છે અને તે ઉપરાન્ત **બ્રહ્માજી**ના પુત્ર, **સરસ્વતી** માતાના સગા ભાઈ અને **પ્રેમ**ના મહાન અવતાર **નારદ મુનિ ભક્તિની પાઠશાળા**ના બધા કાયદા આપણને આપે છે. એ કાયદાનું પુસ્તક **ભક્તિસૂત્ર** (Code of LOVE) માત્ર વાંચવાનું **નથી** પણ સમજીને **પાળવાનું** છે અને એ પ્રમાણે **ભક્તિની પાઠશાળા**માં દાખલ થનાર વિદ્યાર્થીએ બરાબર ચાલવાનું છે. માસ્તરનું શિખવેલું લેસન વિદ્યાર્થી ઘેર ગોખે નહીં અથવા તો માસ્તર સમજાવતા હોય તે વખતે ધ્યાન આપે નહીં તો માસ્તર શું કરે ? વિદ્યાર્થીને ઘેર જઈને વિદ્યાર્થીને બદલે માસ્તર સાહેબ ગોખવા બેસે ? અને ધારો કે દયાળુ માસ્તર સાહેબ ગોખવા બેસે, તો તેથી લક્ષ નહીં આપનારા રમતિયાળ વિદ્યાર્થીને લાભ થાય ખરો કે ? જેમ ખાવુંપીવું, શૌચસ્નાન અને છીંક, બગાસું, ઊંઘ વગેરે બાબતો મ્હોટા બાદશાહોને પણ જાતે જ કરવી પડે છે અને બીજાઓ કરે તેથી એમને – બાદશાહોને પણ – ચાલી શકે નહીં, તેમ **ભક્તિની પાઠશાળાના કાયદા** પ્રમાણે **શ્રી હરિનું નામ** પણ દરેકે – મ્હોટા બાદશાહે પણ – જાતે જ વારંવાર

ગોખવું પડે છે – જપવું પડે છે. બીજો કોઇ જુદો રાજમાર્ગ હોતો નથી. ભૂમિતિશાસ્ત્ર બનાવનાર યુકિલડ એના રાજાને ખુલ્લું જ કહે છે કે જેણે ભૂમિતિ ભણવી હોય તેણે અમુક બાબતો તો **ગોખવી** જ જોઇયે. રાજાનો દીકરો હોય કે ભિક્ષુકનો દીકરો હોય પણ જો ભૂમિતિ ભણવી જ હોય તો તો એ ગોખવી જ જોઇયે, કેમકે 'There is no Royal road to Euclid's Geometry.' યાને યુકિલડની ભૂમિતિ માટે કોઈ જુદો રાજમાર્ગ નથી – એણે ગોખવું જ જોઇયે, તેમ ભક્તિની પાઠશાળા માટે પણ નામ જપવું જ જોઇયે. – બીજો કોઈ માર્ગ નથી. ઊંચો હો કે નીચો હો, ન્હાનો હો કે મ્હોટો હો, રાજા હો કે રંક હો, સ્ત્રી હો કે પુરુષ હો, દાનવ હો કે માનવ હો, ગમે તે હો પણ જો ભકિતની પાઠશાળામાં દાખલ થવું હોય તો એણે શ્રી હરિનું **નામ** વારંવાર ગોખવું જ જોઇયે. ગોખતાં ગોખતાં જ એ **નામ** મ્હોડે ચડે છે અને તેથી જ પરમ પુરુષ **શ્રી** કૃષ્ણ ભગવાન કહે છે કે:–

यज्ञानां जप यज्ञोस्मि = યજ્ઞોમાં હું જપરૂપી યજ્ઞ છું :

રાજસૂયયજ્ઞ, અશ્વમેધયજ્ઞ અને બીજા યજ્ઞો કંઈ શ્રી કૃષ્ણ ભગવાનને અવિદિત તો ન હતા ને? તેમ છતાં પણ જપને જ બેશુમાર મહત્ત્વ આપનાર પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણ ભકિતની ચાવી જ બતાવી દે છે અને એ જપની ચાવીથી જ શ્રી હરિના ઘરનો સૌથી પહેલો દરવાજો જરૂર જ ખુલ્લો જાય છે. ॐ तत्सत ॥

૨– 'ઘણી કાળજીથી વાંચું છું છતાં પણ લેસનમાં ચિત્ત ચોટતું નથી' એવી ફિર્યાદ કરનારા વિદ્યાર્થીને શી સલાહ આપી શકાય? એ જ સલાહ આપી શકાય કે એણે હમેશ કરતાં બમણો વખ્ત વાંચવું, બેઠો બેઠો વાંચતો હોય તો ઉભા ઉભા વાંચવું અને ઉભો ઉભો વાંચતો હોય તો અંગુઠા પકડીને વાંચવું,

અને આમ છતાં ગે લેસન મ્હોડે ન થાય તો ' એ તૈયાર થાય તે પછી જ ખાઈશ ' એવી દૃઢ પ્રતિજ્ઞા લેવી ; બીજી બધી બાબતોને છોડી દેવાની સખ્તમાં સખ્ત પ્રતિજ્ઞા લેવી , અને **ગમે તે થાય તો પણ આગ્રહપૂર્વક એ પ્રતિજ્ઞા પાળવી.** જો વિદ્યાર્થીની મરજી શિક્ષણ લેવાની જ હોય તો તો એણે આવી દૃઢ પ્રતિજ્ઞા આગ્રહપૂર્વક પાળવી જ જોઈયે અને આવી દૃઢ પ્રતિજ્ઞા આગ્રહપૂર્વક પાળનાર વિદ્યાર્થી ઉપરને નંબરે પાસ નથી થયા એવું કદાપિ બન્યું નથી . વૈદ્ય દવા આપી શકે , પરન્તુ એવું હોવું જોઇયે કે :—

(૧) વૈદ્યનામાં ઇતબાર હોવો જોઇયે .

(૨) વૈદ્યે બતાવેલા વિધિ મુજબ જ ઔષધ લેવું જોઇયે .

(૩) વૈદ્યે કહેલી પરહેજીઓ આગ્રહથી પાળવી જોઇયે .

(૪) દવા લેવાની રુચિ હોવી જોઈયે અને દર્દીનું પોતાનું ડહાપણ જરૂર જ બંધ થવું જોઇયે .

આટલી ચાર બાબતો જો દર્દી પાળે તો એનું દર્દ જરૂર જ મટે અને એમાં જેટલી ગફલત તેટલો દર્દીને ગેરફાયદો અથવા દર્દ મટવામાં વિલંબ . આ ચાર બાબતોથી વિરુદ્ધ ચાલનાર દર્દીને સ્વયં ધન્વન્તરી ભગવાન્ ઔષધ આપે અગર ખુદ લુકમાનજી દવા કરનાર હોય તોયે દર્દ મટવું સંભવિત નથી . જેવી દર્દીની દશા તેવી જ શ્રી હરિને માર્ગે ગતિ કરનારા મોહવશ જીવાત્માની દશા છે . રોગીનો ભગવાન્ વૈદ્ય છે અને તેની ઝિન્દગીનું સુકાન વૈદ્યના હાથમાં છે , તેમ જ વૈદ્ય જે જે ક્રમ બતાવે તે તે પ્રમાણે ઔષધોપચાર અને આહારવિહારના નિયમો પાળવાને રોગી બંધાયલો છે , તેમ શ્રી હરિને માર્ગે ગતિ કરનારા

જીવાત્માનો ભગવાન્, તેને દોરનાર અને માર્ગ બતાવનાર તેના સંસારરૂપી ત્રિદોષના મહાન્ રોગનો વૈદ્ય ગુરુ છે. જેની પાસેથી રોગનું ઔષધ મળે અને ફાયદો કરે તે તેનો વૈદ્ય. સુરત, મુમ્બઈ, મદ્રાસ અને કલકત્તામાં ઘણા દાકતરો M. B., B. S. કે M. D. ની પરીક્ષાઓમાં પાસ થયેલા છે પરન્તુ તમને સાપ કરડયો હોય અને તમારા જ ગામમાં દાકતર अ કે ब તમારૂં એ વિષ ઉતારતા હોય તો તમારે દાકતર अ કે बની જ બધી સૂચનાઓ પ્રમાણે ચાલવું જોઇયે, એટલું જ નહીં પણ, સુરત, મુમ્બઈ, મદ્રાસ કે કલકત્તાના દાકતરોની પંડિતાઈની ચર્ચા કરવામાં તમે વખ્ત ગુમાવો અને દાકતર अ કે बની બધી સૂચનાઓ પ્રમાણે અમલ કરવામાં ગફલત કરો તો પરિણામ શું આવે? એ જ કે તમારી એ ચર્ચાઓને લીધે જ તમે ઝિન્દગી ગુમાવો અને સાપનું વિષ તમને ઉતરે નહીં. ॐ तत्सत् ॥

૪–સૌથી પહેલી વાત તરીકે, ઉપર જે ચાર બાબતો જણાવી એ દર્દીએ આગ્રહથી પાળવાની છે, અને જે દર્દીને પોતાની રોગી હાલતનો ખૂબ કંટાળો આવ્યો હોય, તે દર્દી રાજીખૂશીથી ઉપરની બાબતો આગ્રહથી પાળે જ છે. દર્દી આગ્રહથી એ બાબતો ન પાળે તો સમજવું કે એ હઠીલો દર્દી છે અને રોગમાં ખુવાર થઈ ઝિન્દગાની પાયમાલ કરવાનો છે. બની શકતા તમામ ભોગ આપીને દવા કરવાને જે તૈયાર થયો હોય તે જ દર્દીને દવા અકસીર ગુણ કરી શકે છે. આટલા માટે દર્દીએ સમજીને કડવો ઘુંટડો મીઠો કરવો જોઇયે અને વૈદ્યરાજે કહેલી બધી પરહેજીઓ મક્કમ મન રાખીને પાળવી જોઇયે, અને એટલા માટે આ ગીત એના અન્દરના ધ્વનિ સાથે રગે રગે ભરી દેવું જોઇયે :—

— ૧ —

કડવું ઓસડ મીઠું કીજે :

પીજે, બાપ ! કડવું ઓસડ મીઠું કીજે.
પાછું ન આવે છૂટયું તીર કરથી ! **કર્મણો ગહના ગતિ** : છે. પીજે૦
પી **હરિરસબૂટી** અબઘડી પી લે ! **આગ** જગવ રહી મહીં જે. પીજે૦
પ્રકૃતિ ત્રિગુણી ગણી તરણાશી, દિલને અગમ રંગ દીજે. પીજે૦
જીવની સગાઈ કરી હાં ! હાં ! **પીવથી**, અખંડ સુરતસુખ લીજે. પીજે૦
સાગરરાજકુમારી વરી ૐ ॥ પતિવ્રતઅમૃત પીજે. પીજે૦

રોગી જીવાત્મા એમાં પ્રમાદ કરે તો સદ્‌ગુરુવૈદ્ય શું કરે ? અને આટલા માટે જ આ ગઝલ કહેવાયલી છે કે :—

— ૨ —

દાયણ બિચારી શું કરે ? મુદ્દે હમેલ રહ્યા નથી !
જ્ઞાની ગુરુજી શું કરે ? છતમાં ઝખમ લાગ્યા નથી ! દાયણ૦
અજી ! કૌરવો જાતે મરે —
પ્રીતિધર્મથી અવળા ફરે —
ખુદ કૃષ્ણજી ત્યાં શું કરે ? મદ, મોહ, કામ ગયા નથી ! દાયણ૦
શું કરે ગીતા ગુરુ દત્તની ?
બડી પોથી જોગવસિષ્ઠની ?
ગમ ના પડી પુરુષાર્થની—વૈરાગ્યનાગ ડસ્યા નથી ! દાયણ૦
વિષયો થયા નથી વિષવત્ !
અધિકાં ગણ્યાં ઓરત મરદ !
ગુરુ શું કરે ? જ્યાં ઉલટી હઠ ! દિલડાઘને ભુંસ્યા નથી ! દાયણ૦
છે મુક્ત આ આખું જગત્ :
ઘડી બે ઘડી માંડી રમત :
બસ — ચંદુમંદુ સબ ગલત—સાગર કદિ વિસર્યો નથી ! દાયણ૦
ૐ तत्सत ॥

૫—દર્દીને દવા કરાવવાની **ખરેખરી તલબ** કેટલી છે, એ વાત વૈદ્યની બતાવેલી પરહેજીઓ તે કેટલા આગ્રહથી પાળે છે અને વિધિ અનુસાર બરાબર ઔષધ લે છે તે ઉપરથી જ જોઈ શકાય છે, તેમ જ શ્રી હરિને માર્ગે ગતિ કરવાની જીવાત્માની કેટલી **મુમુક્ષુતા** છે તે પણ ગુરુએ બતાવેલા નિયમો મુજબ કેટલા આગ્રહથી **મુમુક્ષુ** વર્તે છે તે ઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે. ઔષધ આપ્યું હોય ચુંકના રોગનું અને ત્રણ વાર પીવાનું, છતાં ત્રણ વાર પીવાને બદલે એક જ વાર દર્દી પીએ અને ઘઉંની કણક પેટ ભરીને ખાયાં કરે તો એ રોગીને શી રીતે મટે? ક્યારે મટે? પહેલાં તો એણે વૈદ્યના કહેવા પ્રમાણે એક વાર નહીં, પણ **ત્રણ વાર** દવા લેવી જોઇયે અને બીજું, એણે વૈદ્યના કહેવા મુજબ ઘઉંની સખ્ત પરહેજી રાખવી જોઇયે. આવી રીતે **મુમુક્ષુતા** જેનામાં જાગ્રત કરવી છે એવા જીવાત્માએ ગુરુની સૂચનાનુસાર :—

(૧) હમેશાં ૩ કલ્લાક સવારે અને ૩ કલ્લાક સાંજે **ધાર્મિક ખાતે** ગાળવા જોઈયે. ગાળવા તો રોજ ૪ + ૪ = ૮ કલ્લાક જોઇયે પણ કળિયુગમાં લોકોનાં જીવન જે રીતે ઘડાયાં છે તે વિશે વિચાર કરતાં ૩ + ૩ = ૬ એટલે **આખા દિવસનો ચોથો ભાગ તો એ ખાતે ગાળવો જોઇયે.** એથી ઓછો સમય ગાળનારને માટે તો બહુ બહુ વિલંબ જોઈયે.

(૨) એ છ કલ્લાકમાં ૩ કલ્લાક **જપ** કરવો જોઇયે; એ વિના **સૂક્ષ્મ શરીરની વિશુદ્ધિ** થવી મુશ્કેલ છે. નાશવંત પદાર્થોના વારંવારના ઉચ્ચારણથી અને સ્મરણથી મન ઉપર જે મોહક છાપો છપાઈ ગઈ છે તે દૂર થવાને **અનામી નામના સતત જપની** અતિશય જ જરૂર છે.

(૩) બાકીના ૩ કલાક બતાવવામાં આવેલો અમુક નિયમિત પાઠ કરવો જોઇયે.

(૪) જે દિવસે ઊંઘ, બગાસું, છીંક, અને એવી કુદરતી હાજતોને પણ આરામ આપવો પડે એવી લાચાર દશા થઈ ગઈ હોય **તે દિવસે જ** ઉપરનો નિયમ ભાગે તો હરકત નહીં. **બાકીના કોઇ દિવસે કોઇ પણ કારણને લીધે નિયમ ભાગે નહીં. એવી સખ્ત પ્રતિજ્ઞા લેવી કે જો ભાગે તો ૨૪ કલાક નિરાહાર–નિર્જળ ઉપવાસ કરવો.**

(૫) દુનિયાના નાશવંત પદાર્થો તરફ જોઇને વારંવાર વિચાર્યા કરવું કે એની સાથેનો જીવાત્માનો સંબંધ થોડા કાળનો છે.

(૬) પોતાના દિલના વિકારોને ઓળખવા પ્રયત્નશીલ થવું અને એ વિકારોને પોતાના કટ્ટા દુશ્મન સમજવા – એમની સામે લડવું, ભક્તોનાં – સંતોનાં ચરિત્રો અને બોધવચનો યાદ કર્યાં કરવાં.

(૭) સંતસાધુ અને ગુરુની આજ્ઞામાં તત્પરતા રાખવી બહાનાં બતાવ્યા વિના એકદમ જ સૂચનાને અને આજ્ઞાને અનુસરવું. **પોતાનું ડહાપણ ન ચલાવવું.**

(૮) જે દિવસોએ ધંધાથી ફારેગ થવાનું આવે તે દિવસોએ છ કલ્લાક નહીં, પણ **નવ** કલ્લાક એ ખાતે ગાળવા.

(૯) એકાદશી વગેરે વ્રતના દિવસો આવે ત્યારે ખાસ કરીને વધારે કલ્લાકો ગાળવા, અને મ્હોટે ઘાંટેથી ભજન અને કીર્ત્તન કરવું.

(૧૦) જે બાબતો આ નિયમો પાળવામાં સખ્ત વિરોધી હોય તે બાબતોના સંબન્ધથી દૂર રહેવું. પ્રતિજ્ઞા કરવી અને પ્રતિજ્ઞા ન પળાય તો ઉપવાસ કરવા.

(૧૧) મન જ્યારે જ્યારે અવળા તર્કો કરવા માંડે ત્યારે ત્યારે એકદમ આસન ઉપર જઇને જપ કરવા માંડવું અથવા તો એને સખ્ત ઠપકો દેવા માંડવું.

મુમુક્ષુતા જાગ્રત કરવા માટે આ પ્રમાણે બેશુમાર આગ્રહથી કરવું. ॐ तत्सत् ॥

૬–અને, આ પ્રમાણે આગ્રહથી પ્રતિજ્ઞાપૂર્વક ઝિન્દગાનીમાં બરાબર એકાદ વરસ ગાળ્યા પછી દુનિયાંના ગમે તે ભાગમાંથી ગમે તે રૂપે ગુરુદેવ આગળનો માર્ગ બતાવવાને માટે જરૂર દર્શન દે છે, એમ ખુદ સ્વાનુભવ કહે છે. તે સિવાય તો ગુરુદેવનાં દર્શન કરવાની નેત્રોને પૂરી પાત્રતા જ હોતી નથી. અટલા તૈયાર કર્યા પછી જ ગુરુદેવ જીવાત્માને ઉપયોગી થઇ શકે છે–તે વિના તો નહીં. ॐ तत्सत् ॥

૭–ચાલુ ઝમાનો શ્રદ્ધા કરતાં પણ બુદ્ધિને વધારે પ્રાધાન્ય આપનારો છે, દેશમાં સર્વત્રઃ એકલો બુદ્ધિનો જ ફેલાવો અને બુદ્ધિની જ હિમાયત થવા લાગ્યાં છે, અને તેની સાથે શ્રદ્ધાના તત્ત્વનું દેશના હૈયામાંથી જાણે કદન થવા લાગ્યું છે; સામાન્યતઃ દેશની પ્રકૃતિ જ જાણે તર્કવિતર્કના પ્રાધાન્યવાળી થતી ગઈ છે. આવું વિતર્કવાદી વાતાવરણ આસપાસ રહ્યાં કરતું હોય એવી સ્થિતિમા શ્રી હરિનો માર્ગ પકડી લઇને ગતિ કરવા માંડવી એ, અલબત્ત, જીવાત્માને માટે મુશ્કેલી ભરેલું તો છે, પણ જે જીવાત્મા વધારે પડતા ડહાપણમાં અને લાબીચોડી પંચાતોમાં પડતો નથી અને માત્ર માર્ગના જ ચિન્તનમાં છે તેને તો માર્ગ આપનાર ધણી હજારો કરોડો હાથવાળો છે.

અને ગમે તે રૂપે માર્ગ આપે છે. કેટલાક તર્કવાદીઓ ગુરુ કેવા હોવા જોઇએ એ વિષય ઉપર લાંબી લાંબી ચર્ચાઓ કરે છે, અને ગુરુની યોગ્યાયોગ્યતા ઉપર વિવાદ કરવામાં જ વખત ગાળે છે. ગુરુની યોગ્યાયોગ્યતા ઉપર વિવાદ કરવા કરતાં પોતાના ચિત્તની જ યોગ્યાયોગ્યતા ઉપર દરરોજ વિચારણા ઘોળવામાં આવે તો કેટલો બધો લાભ થાય? અને માસ્તરના 'કવોલિફિકેશન્' ઉપર જ વિવાદ કરનારા છોકરા શિખી શકે શી રીતે? જેને 'એબીસીડી' જ શિખવાની છે અથવા તો 'પ્રાઈમર' કે 'સેકન્ડબુક' જ શિખવાની છે તેવા વિદ્યાર્થીઓ માસ્તરના એમ. એ. કે બી. એ. પણાની ચર્ચા કરવામાં વખત ગાળવાને બદલે પાઠ જ તૈયાર કરવામાં વખત રોકે એ જ વધારે બહેતર નથી? મેટ્રિક્યુલેશન સુધી શિખેલા માસ્તરો પાસેથી પણ 'એબીસીડી' કે 'પ્રાઈમર–સેકન્ડબુક' તો જરૂર જ શિખી શકાય છે, અને તે શિખવાને બદલે ચર્ચાઓ જ કરનાર વિદ્યાર્થીઓ ભણવામાં આગ્રહી હોવા જોઇયે કે કેવળ વિવાદપ્રિય જ હોવા જોઇયે એ સ્પષ્ટ સમજાય એવું છે. ગુરુના યોગ્યાયોગ્યતાના વિવાદો એટલા બધા તો ઉપયોગી નથી; પણ મુમુક્ષુ જ થવું હોય તો તો પોતાની યોગ્યાયોગ્યતાનો જ વિચાર કરવો વધારે મુનાસિબ છે. ગુરુ કેવા હોવા જોઇયે? પોતાને સૌથી વધારે પૂજ્ય અને સર્વોપરિ પ્રિયતમ લાગતા હોય, અને જેમના પાસેથી પોતાને શ્રી હરિનો માર્ગ મળી શકતો હોય એવા ગુરુ હોય. દેશમાં બહુ યે પંડિત, શાસ્ત્રીઓ, સિદ્ધો અને જ્ઞાનીઓ ગણાતા હશે; પણ ભગવતી મીરાંબાઈનું હૃદય એ બધમાંથી કોઇને નહીં અને મહાત્મા રોહીદાસજીને જ ગુરુ માની શક્યું છે, આ ઉપરથી સ્પષ્ટ છે કે મહાત્માની યોગ્યાયોગ્યતા કરતાં મુમુક્ષુ હૃદયની શ્રદ્ધા ઉપર જ વધારે આધાર છે, નાત જાત કે પંડિતાઈ ઉપર ગુરુનો કશો આધાર નથી, માત્ર શ્રદ્ધા ઉપર જ એનો આધાર છે અને એ શ્રદ્ધા કંઇ સાધારણ વસ્તુ નથી.

પોતાની બુધ્ધિને અને પોતાની દલીલોને પણ જે પ્રીતિમાં પેસવાની જગા જ મળે નહીં એ પ્રીતિનું નામ શ્રદ્ધા છે; આવી શ્રદ્ધા બુદ્ધિની બધી બાબતો કરતાં ઊંચી છે, કેમકે એ દૈવી પ્રજ્ઞાનની માતા (Mother of Divine Wisdom) છે; અને આટલા માટે જ એક ઇસ્લામી સંતે કહેલું છે કે :- ગર ખુદા ન હો તો ખુદ બનાકે પૂજેંગે! એ જ સાચું લાગે છે, અને એમ શ્રદ્ધાથી કામે રોકાઇ જવું એ જ માર્ગ છે. પોતાની બુધ્ધિ જો ગુરુની સમજણમાં ખામી જ જોઇ શકતી હોય તો બહેતર છે કે એણે હૃદયને ઠગવું નહીં, કેમકે મન ઉપર બળાત્કાર તો કોઇ કરી શકતું નથી. શિક્ષકની ખામી જોઈ શકનાર વિદ્યાર્થીને શિક્ષક સંગીન લાભ કરી શકતો નથી અને એવી સ્થિતિમાં નિશાળ બદલવી એ જ વિદ્યાર્થીને માટે હિતકારક છે. કિં બહુના? ॐ तत्सत् ॥

૮ — જ્યારે જ્યારે અસ્થિર મન અનિત્ય પદાર્થોના સંબન્ધમાં આવવા માંડે, ત્યારે ત્યારે કલમ પાંચમીમાં વિચાર્યા પ્રમાણે ખૂબ આગ્રહથી અને માર્ગમાં મૂકવું અને વૃત્તિઓને એમાં રોકી દેવી, મનને ઘડી ભર ઘેલું જ બનાવી દેવું, એ જ તાન લગાડી દેવું અને ગાતા ગાતા અન્દર ઉતરવા માંડવું કે :-

— ૨ —

હો જા પિયાજકઃ ઘેલા! મુસાફિર! હો જા તું ઘેલા ઘેલા!
જગત સબહી સમજ લે જાદૂઈ! જૈસા કિ સુપનેકા મેલા! મુસા૦
પંચ મહાભુત આયે ઈકટ્ઠે! જાના અકેલા અકેલા! મુસા૦
હો જા તું હલકા દીવાના દિલકા! હરિગુરુદેવકા ચેલા! મુસા૦
રામદીવાના તો દેવોસેં બ્હડીઆ! ખેલત ખેલ અખેલા! મુસા૦
સાગર હરદમ 'ગુરુ ગુરુ' રટના! છોટાસા મન્તર રહેલા! મુસા૦

એ જ ચિન્તન અને એ જ મનન અને એને લગતા બધા નિયમોનું આગ્રહથી પાલન–એટલા બધા આગ્રહથી કે :–

'મેરુ ચળે-પણ ન ચળે ચિત્ત'.

જપ, ભજન, મનન, કીર્તન અને એમાં ચૂકાય તો પોતાને જરૂર જ શિક્ષા. ॐ तत्सत् ॥

૨–મનની વિહ્વળતા મટાડવાનો આબાદમાં આબાદ માર્ગ શ્રી હરિનામના જપનો જ છે, એના મનનનો જ છે. શ્રી હરિનામનો જપ અને એનું મનન વધારવું – એટલું બધું વધારવું કે જાણે એમાં ઘેલા જ થઈ જવાય; અને દુનિયાદારીના ડાહ્યા કે દુનિયાદારીના મ્હોટા માણસ થવા કરતાં શ્રી હરિના ઘેલા થવું, શ્રી હરિના દાસના દાસ થવું એ લાખ ગણું ઊંચું છે. રાજાઓ અને મહારાજાઓએ એવા ઘેલા થવું અને એવા દાસાનુદાસ થવું ચાહ્યું છે અને અમ્બરીષ, મયુરધ્વજ, ભર્તૃહરિ, ગોપીચન્દ, ધ્રુવજી, પ્રહ્લાદજી, મીરાંબાઈ, હરિશ્ચન્દ્ર, પીપાજી, વિભીષણ અને પુષ્પદંત મહારાજ, તેમજ ભગવાન બુધ્ધદેવ જેવાં રાજવંશીઓને પણ હરિનામ ગાવું અને હરિનામના ઘેલા થવું એ રાજ્ય ભોગવવા કરતાં પણ બહુ ઊંચું લાગ્યું છે, શ્રી હરિનામ જપવામાં આપણાં હાલનાં ભણેલાં ભાઈબ્હેનોને કદાચ શરમ લાગે છે અને તેઓ વિચિત્ર પ્રકારના હજારો દલીલો કરે છે પણ આ રાજવંશીઓના દીલમાં નથી આવી દલીલ કે નથી લાગી શરમ!! આપણા ભણેલા ભાઈઓ કરતાં એમની બુધ્ધિ જરૂર થોડી હશે અને શ્રધ્ધા એમના કરતાં દસ વીસ કરોડ ગણી પ્રબળ હશે. વારંવારના જપ અને વારંવારના નામસ્મરણથી અને વારંવારના એક જ મનનથી એમને તો આ હરીનું નામનું એવું જ ઘેલું લાગી ગયેલું કે એમનાં મન અને બુદ્ધિને બીજી બાબતોમાં રસ પડે

જ નહીં અને આપણે પણ એવી જ સ્થિતિ એ જ ઉપાયથી મેળવી શકીએ – અનુભવી શકીએ. સંતોનું સમજવું તો એવું પણ છે કે શ્રી હરિના કરતાં પણ શ્રી હરિનું નામ વધારે બળવાન છે અને તેથી જેમ બને એમ એનો જપ વધારે કરવો. બલિહારી શ્રી હરિના નામની! એના જપની અને એના જ ચિન્તન – મનની! વારી જાઊં ગુરુમહારાજના નામને!

— ૪ —

બલિહારી મૈં વારી જાઊં – ગુરુજી! તુમપે બલિહારી મૈં વારી જાઊં!
આપ પ્રભુજી! અનાથ કે નાથા! મૈં તો અનાથ હો જાઊં! ગુરુજી૦
બન્ધુ હો દીનોં કે પ્યારે દયાલુ! મૈં મોહે દીન બનાઊં! ગુરુજી૦
પ્રેમસ્વરૂપ પ્રભો! તુમ હો જી! મૈં પ્રેમી બન ગુન ગાઊં! ગુરુજી૦
આપ ગુણાતીત ગોવિન્દ પ્યારે! સૂન પર ધુન મૈં લગાઊં! ગુરુજી૦
સાગરરાજ પિયા મોરે પ્યારે! બનકે સરિત મીલ જાઊં! ગુરુજી૦

ૐ શ્રી હરિ: ॥

૧૦ – બસ – લગભગ ઘણી વાતોના ખુલાસા થઈ જાય છે. ન્હાનકડા વિદ્યાર્થીને માટે જેમ અમુક નિયમો હોય છે, અને તે એણે પાળવા જ પડે છે, તેમ શ્રી હરિને માર્ગે જવા ચાહતા જીવાત્માને માટે પણ ખાસ નિયમો હોય છે અને તે એણે પાળવા જ પડે છે; ન્હાનકડો વિદ્યાર્થી જો નિયમો પાળવામાં વારંવાર બેદરકાર રહે અને જાણી જોઈને ઉદ્ધત થાય, તો એને શિક્ષા થાય છે – એને એક દિવસ ખાવાનું મળતું નથી, તેમ શ્રી હરિને માર્ગે જવા ચાહતો જીવાત્મા જો વારંવાર બેદરકાર રહે અને ઉદ્ધત થાય તો એને પણ શિક્ષા થવી જ જોઇયે, એને એક બે દિવસ ખાવાનું મળતું તદ્દન અટકાવવું જોઇયે. એની એક દિવસની ઊંઘ દંડ થવી જોઇયે અને એવી ન્હાની મ્હોટી શિક્ષાઓ એને માટે જરૂર જ મુકર્રર હવી

જોઇયે . ભટકણુ થઈ ગયેલા મનને , વંઠી ગયેલા ચિત્તને અને નાશવંત આનતોનાં જ આસક્તિ ધરાવનારા મોહવશ હૃદયને ઠેકાણે લાવવા માટે કરવા જેવા આ આબાદ ઈલાજ છે . ૐ ॥

૧૧ – આપણી આસપાસની સ્થિતિ એટલે આપણા દેશની હવા જ આધ્યાત્મિકમાં જાણે ' પ્લેગ ' વાળી થઈ ગઈ છે ! સાધુઓ અને બાવ ઓમાંથી પણ ત્યાગની ભાવના ઘણે ભાગે ઘટવા લાગી છે એ વાત ખોટી નથી ; પણ એનું કારણ શું છે ? ગૃહસ્થાશ્રમો જૂઠા ચાલે છે અને આર્યોના સંસાર એવા ચાલે છે કે નહીં અંગ્રેજી અને નહીં આર્ય ! એવા વર્ણસંકરપણાના ગૃહસ્થાશ્રમમાંથી આવનારા સાધુઓ ત્યાગની ઊંચી ભાવનાથી પરિપૂર્ણ ન હોય એ સ્પષ્ટ છે . ગૃહસ્થાશ્રમો અડધા વિલાયતી થઇ ગયા છે ! એમાં સેવાબુદ્ધિ નથી , સ્નેહભાવ નથી , કર્તવ્યપાલન નથી , ' હું ને મ્હારી વહૂ ' વિના ઇતરનો સમાસ નથી ! આર્યપણું નથી ! સુધારાના (Progressના અને Civilizationના) નામ નીચે આવો જ અનાર્ય જેવો ગૃહસ્થાશ્રમ દેશમાં ઠેકાણે ઠેકાણે નથી ચાલતો ? અને એવા આશ્રમમાંથી નિકળતા સાધુઓ કેવા હોય ? ગૃહસ્થાશ્રમ એવા છે એનું કારણ પ્રથમાશ્રમ – સૌનો પાયો **બ્રહ્મચર્યાશ્રમ** – બિલકુલ દેશમાં છે જ નહીં , એ છે . જે ઈમારતને મૂળમાં પાયો જ નહીં તેના મજલાની હાલત કેવી હોય ? પ્રસંગોપાત્ત આ વાત પણ અહીં આપણે જરાક વિચારી લીધી. ૐ તત્સત્ ॥

૧૨ – બસ – **નામને** આધારે – **શ્રીહરિના નામને** આધારે જીવન ગાળો અને વિચારો કે દેશમાં પ્લેગનો રોગ ચાલે છે , અકસ્માતો થાય છે અને માણસો ઓચિન્તાં જ ટપોટપ મરણ પામે છે , એનાં તમે મરી ગયા નથી ! તમે શું કરવા બચ્યા છો ? એટલા માટે જ કે શ્રી હરિના **નામને** આધારે જીવવાની તમને આજથી એક તક આપવામાં આવી છે માટે જ જીવ્યા

છો . આમ સમજો અને દિલને ખરો રંગ ચડાવવા માંડો અને શ્રદ્ધાથી , વિશ્વાસથી ગાયાં જ કરો કે :—

— ૬ —

હરિગુરુનામઆધારા ! તું તો , પ્યારા ! હો જા નામઆધારા !
જો જો પૂજે વાકો વોહિ પૂજન દે! પલ ભી તું હો નહીં ન્યારા! તું૦
એક હિ નામ અનામી અકામી ! એક હિ પ્રેમ પિયારા!તું૦
ઇત ઉત ફેલત ચિત્તકો રુક લે ! લગનીકી ધૂન મેં , દુલ્હારા !તું૦
તાજુબ ! પથર તરત જલમેં ! વાહ ! પ્રીતિકી ગતિ હૈ અપારા ! તું૦
સાગર હિરદા હરિગુરુરંગી ! નામ સહારા હમારા ! તું૦
ૐ શ્રી હરિ : ॥

૧૩ – કર્મ , ઉપાસના અને જ્ઞાન એવા ત્રણ માર્ગો આર્યોના વેદોમાં જીવાત્માને પરમાત્માના દર્શન માટે નક્કી કરવામાં આવ્યા છે અને તેમાં શ્રી હરિનામનો જપ એ એવો વિધિ છે કે જેમાં કર્મની સાથે ઉપાસના જોડાયલી છે . જે સ્થિતિમાં આપણે જીવીએ છીએ તે સ્થિતિને અનુકૂળ પડે એવો અને અનેક યુગોનાં વિક્ષેપક મળ અને આવરણ દૂર થઇને પરમાત્માનું દ્વાર ખુલ્લું થાય એવો સર્વોપરિ માર્ગ વારંવાર શ્રીહરિનામના જપનો છે . મન જ્યારે જ્યારે નવરૂં પડે ત્યારે ત્યારે સંભારીને એકદમ એને એ ગોખવાનું કામ આપી દેવું અને એમાં ગફલત કરે કે ઉદ્ધત થાય તો એને શિક્ષા કરવી . આ ખૂબ યાદ રાખવું . ૐ ॥

૧૪ – મનુષ્યનું જીવન ટેવથી જ ઘડાયલું છે . આપણને અમુક ગમે છે અને અમુક નથી ગમતું એનું કારણ આપણી ટેવો જ છે અને આપણી એ ટેવોના ઘડનારા આપણેજ છીએ . જો આપણે પોતે જ ખૂબ પુરુષાર્થ કરીને આપણી ટેવો બદલવા માગીએ અને બધી આળસો કરતાં શ્રી હરિના નામને જ સૌથી

વધારે વ્હાલું કરવા ચાહીએ, તો આપણે જરૂર જ એમ કરી શકીએ છીએ. મહા પાપીઓ પણ દિલમાં ખરી ઈચ્છા જાગતાં તુરત જ એમ કરી શકયા છે અને ભવસાગર તર્યા છે. અરે – ઘાઘરી પહેરનારી આપણા **દેશની દીકરીઓ** પણ અભ્યાસ અને વૈરાગ્ય વડે શ્રી હરિની પ્રીતિ પામી છે – દુનિયા જેને ઢેડ, ભંગી, કોળી, હજામ અને કસાઈ ગણે છે એવા પણ શ્રી હરિનામના જપથી અને ચિન્તનમનનથી શ્રી હરિના લાડીલા થયા છે અને મ્હોટા પંડિતો પણ આજે એમનાં ગીત ને એમની સ્તુતિ ગાય છે. તેઓ જો કરી શકયા, તો આપણે એમને જ માર્ગે જઈને શા માટે ન કરી શકીએ? ॐ तत्सत् ॥

૧૫ – કમર કસીને ભજન કર્યા વિના ભવસાગર કોઈ તરી શકયું નથી ને તરી શકે નહીં, અને દિલને ખરો રંગ ચડાવ્યા વિના તો કોઈનું ભજન ફળ્યું નથી અને ફળી શકે નહીં. એ ખરો રંગ દિલને ચડાવવા માટે જપ – પોપટીઓ જપ નહીં, જપ કરીએ એટલી જ વાર રંગ ચડે એવો જપ નહીં પણ હૈયુ કાયમનું હરિરંગી થાય એવો આગ્રહપૂર્વક જપ અને એનું વારંવાર ચિન્તનમનન અને દઢીકરણ આવશ્યક છે, ભજનકીર્તન એ એમાં મદદગાર છે અને નાશવંત પદાર્થોની પ્રીતિ એ એમાં દુશ્મનરૂપ છે. હરિનામના વારંવારના જપથી એ દુશ્મન જરૂર હારે છે. ॐ तत्सत ॥

૧૬ – હાલના યુગમાં છાપખાનામાં છપાયલાં પુસ્તકો બધી જાતનાં મળી શકે છે અને આત્માજ્ઞાનને લગતાં પુસ્તકો સહેલાઈથી માણસો મેળવી શકે છે. આવી સ્થિતિનો અભ્યાસ અને મનન વડે સારો ઉપયોગ કરીને બહુમુખી મનોવૃત્તિઓને આત્મામાં અંદર વાળાને બદલે માણસ ઉલટું કેવળ 'વાચિક જ્ઞાની' (યાને લૂખો ફિલસુફ) જ બને છે! જો યોગ્ય વિધિથી લેવામાં આવે તો સોમલ જેવું કાતિલ ઝેર પણ

અમૃત તુલ્ય અસર કરે છે, અને વિધિ વિના લેવામાં આવેલી કસ્તુરી જેવી ઊંચી ચીજો પણ ઝેહેર જેવી અસર કરે છે, આટલા માટે જ જેમ દવાઓ દાક્તરની દેખરેખ નીચે અને દાક્તરને હાથે જ લેવી એ સલામતી ભરેલું છે, તેમ જ્ઞાનના ગ્રન્થનો અભ્યાસ પણ ગમે તેમ નહીં, પણ ગુરુની અથવા કોઈ સન્ત – મહાત્માની દેખરેખ નીચે રહીને એમના દ્વારા કરવો મુનાસિબ છે, અને નહીં તો અક્કલની જ ખેલબાજી યાને સૂક્કી ફિલસુફી વિના વિશેષ પરિણામ એકલાં પુસ્તકોથી આવવું સંભવિત નથી. જ્યાં સુધી એવો સંતમહાત્માનો કે ગુરુનો યોગ આવે નહીં, ત્યાં સુધી સમજવું કે ચિત્તની હજી પાત્રતા થઇ નથી અને એ પાત્રતા થવા માટે હરિનામનો આગ્રહપૂર્વક જપ અને વારંવાર એનું સ્મરણ – ચિન્તનમનન કરવું એ જ સૌથી પ્રથમ પગથીઊં છે.

– ૬ –

હરિ હરિ હરિ સુમરો રે! મેરે દિલ! હરિહરિહરિ સુમરો!
જીવતાં જીવતાં મરી જવું, ભાઇ! જ્યમ ત્યમ પંથે પળો! મેરે૦
નવસેં ને નવ્વાણુ જન્મો, ત્યાસી લાખ હઝારા! –
હીન્દુ પુરાણુ પુકાર કરે, ભાઈ! હરિ જાણ્યા વિણુ હાર્યા! મેરે૦
તું જાણે કે પોથે થોથે, થઇ પંડિત હરિ જાણું!!
ભારે થાતો ભણુતરથી, ભાઇ! હરિનું ઘર હલકાનું! મેરે૦
સંત તણું શરણું લેવું, ભાઈ! પૂરા અનુભવીઆનું:
પોથું છોડો ને પકડો કાંડું, જીવતાં જીવિત મુવાનું. મેરે૦
શબ્દ સંતનો જે પકડે તે, સુફળ કરે જન્મારો!
હરિગુરુદેવદયાએ, સંતો! સાગરિયાને તાર્યો! મેરે૦
ॐ तत्सत् ॥

૧૭ – **રામનામની દિલને** આમાદ **લગની** લાગે એટલા માટે ઉપર કહેલા વિધિપુરસ્સર **રામનામની** માત્રા, સંસાર-રોગ લાગેલા જીવાત્માએ **સદ્‌ગુરુવૈદ્ય** પાસેથી લઇને, એ ઉપચાર એકદમ અમલમાં મૂકવો જોઇયે. એમાં વિલંબ કરવો એ ખુદ જીવાત્માને હાનિ કરનારૂં છે. કેટલાક ભાઇઓ જેમનાં મન પશ્ચિમની કેળવણીના નશાથી વ્યામોહ પામ્યાં છે તેઓ **રામનામનો જપ** કરવાને બદલે ઊલટી એમાં લાખ જાતની વિચિત્ર દલીલો કરે છે કે ‘ **રામ રામ** કરવાથી તે શું થાય ?’ વગેરે વગેરે ! દિવસ રાત્રિના ૨૪ કલ્લાકમાં રોજના ચાર પાંચ કલ્લાક પણ ચ ર છ માસ જાતે એક આસને બેસીને **રામ રામ** જપી જોયા પછી જ એ બરાબર સમજી શકાય એવું છે. માત્ર વાતો જ કરનારા અને નાશવંત બાબતોથી મોહી રહેલા બોલકણુ માણસોથી એ સમજી શકાય એવું નથી. લાંબા કાળ સુધી **જપ** થાય છે ત્યારે જ સૂક્ષ્મ શરીરનું શોધન થાય છે, અને નાશવંત પદાર્થોની પ્રીતિને બદલે હૈયામાં **પરમાત્માપ્રીતિ** સ્થપાય છે. **રામનામ** એજ ષડ્રિપુઓનો વિનાશ કરનારૂં(disinfectant છે. **રામમંત્રનો** મહિમા તો અપાર છે – અનિર્વચનીય છે.

— ૭ —

હમારા **રામ**મંત્ર હૈ પ્યારા, કોઈ ભેદુ જાનનહારા !
જિસકા અનલે અગમ અપારા ! ઉસકો કયા જાને સંસારા ! હમારા૦
રામમંત્રકો ગુરુગમસે, ભાઈ ! કોઇ વિધિસે ના જપતા !
ઉસી સબબસે **રામ**મંત્રકો ગુરુજી કિસકો ના દેતા ! **હમારા** ૦
આદિ મંત્ર યે, **અગર** મંત્ર યે ! સબ મંત્રોમેં બંકા !
સાન, સમજ, ગુરુગમસે ભજ લે ! કામ ફતેહકા ડંકા ! હમારાં ૦
રામમંત્રસે તર્યો કબીરા, દુષ્ટ દશાનન માર્યો !
કૈસા દિલ **વાલ્મિક** થા, સંતો ! **બ્રહ્મઋષિ** કહેલાયા ! હમારા ૦
રામમંત્ર તારક ગુરુવાયક ! દિલ જિસ્ને ઠહરાયા !
રામ બરાબર **રામ** બના દે ! **સાગર અનલે** પાયા ! **હમારા**૦ !

ખરેખર, ત્રિવિધિ તાપના સમૂળા નિવારણ માટે **રામ-મંત્ર એ એક જ અસલ અને આબાદ ઇલાજ છે.** બીજા બધા ઇલાજ ઉપરછલા છે. **ॐ रामतूंहि ॥**

૧૮ – પરન્તુ, **રામનામના મહિમાનો એવો સ્વાનુભવ** થવા માટે **જપના** આરંભ પછી તુરત **જ એની** અંદર **ધૂન** પણ લાગવી જોઈયે. એની પાછળ **ઘેલા** થવું જોઇયે. આહા! **રામધૂન એ એક જ ખરી** ધૂન છે અને જીવને શિવમાં ફેરવી દેનારી – નરને નારાયણ બનાવનારી અને ઇન્સાનને **અલ્લાહનો** ખુદનો પૂરો અનુભવ આપનારી **રામધૂનનો** મહિમા પૂરેપૂરો તો ચીંથરાના કાગળ ઉપર કોણ ચીતરી શક્યું છે? આહા! **રામધૂન!** મચાવીએ એ **રામધૂન!**

— ૮ —

રામધૂન લગી લગી **મેરે** દિલ – **રામધૂન** લગી લગી મેરે દિલ –
સાહેબધૂન લગી લગી **મેરે** દિલ – **રામધૂન** લગી લગી મેરે દિલ –
લગી લગી લગી મેરે દિલ – **રામધૂન** ૦
કોઈકો તનધનજોબનકી ધૂન – કોઈકો કુટુમ્બ કબીલાકી;
ઇશ્કધૂન મેરે મનમેં લાગી, **સાગર સાહેબ મોલાકી! રામ** ૦
જ્ઞાની બનકે પોથી રટકતા, **બ્રહ્મવાદકો** બતલાતા!
આપે કરતા તનધન ચિન્તા! કયા **સાહેબકો** ફુસલાતા! **રામ** ૦
કોઇ રંગી, ભાઈ! કોઇ બેરાગી! મન મસ્તાના મદમાતા!
સાગર રામરસાયનરસિયા! રુંવે રુંવે બસ રંગ રાતા! **રામ** ૦

અને, શરીર જન્મ્યા **પહેલાં** જેની સાથે સંબન્ધ હતો અને શરીર છૂટયા **પછી** જેના સંબન્ધ વિના ચાલવાનું જ નથી, **તેના નામની ધૂનમાં જો ઘેલા** નહીં બનીએ ને આ ચાર દિવસની

ધર્મશાળાના મામલામાં ઘેલા બની જઈશું તો બરકતે શી થવાની છે? બધા જ સંતો અને બધાં જ શાસ્ત્રોને લાખો પ્રકારે એક જ વાત કહેવાની છે કે જીવાત્માએ પરમાત્માના નામમાં ગમે તે રીતે ઘેલા જઇ જવું .. ॐ तत्सत् ॥

૧૦.—હીન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, બૌદ્ધ અને જૈન વગેરે કોઇ પણ ધર્મમાં એમ તો નથી જ કે માણસે લાખ વરસ જીવવું છે! અને એટલા માટે લાખ રૂપિયા ૮ ‌ ા‌વા છે! બધા ધર્મોના સંત પુરુષો એક મતે કહે છે કે માણસની આ દુનિયાની મુસાફરી અલ્પ કાળની છે અને આ લોકના પદાર્થો કે જેની સાથે એનો સંબન્ધ થોડાં જ વરસોનો છે, તેમાં એ જેટલું ઓછું ફસાય ને ઓછું દિલ લગાડે તેટલો જ એને ધર્મનો અનુભવ વધારે થાય અને કાયમનો થાય. પોતાના હૃદયની વિશુદ્ધિ અને નાશવંત પદાર્થો તરફ દિલની અનાસક્તિ એ તો હરકોઈ સુજ્ઞ મનુષ્યનો ધર્મ છે અને જે રીતે એ થતું હોય તે રીતે દરેક જીવાત્માએ જરૂર જ ઝિન્દગી ગાળવી જોઇયે એવું કયા ધર્મમાં શિખવ્યું નથી? કયા સંત પુરૂષનો એમાં વિરોધ છે? પણ જેને માત્ર પોતાના મનસ્વી તરંગો પ્રમાણે જ ચાલવું છે અને નાશવંત પદાર્થોમાં જ તૃપ્તિ પામવી છે તેના ધર્મમાં એ નથી આવતું. સાચું તો એ છે કે એ ધર્મ નહીં પણ અધર્મ જ છે. પ્રભુના પ્રેમ વિના ખરી તૃપ્તિ કોઇ પામી શકયું જ નથી અને પામી શકે પણ નહીં. એ પ્રેમ! આહા! પ્રેમ! એ ઇશ્ક! બસ ઇશ્ક!

— ૯ —

બસ ઇશ્ક ઇશ્ક પુકારવું! ન ઈતિર ધરમ! ન ઈતિર કરમ! પૂરેપૂરા પાગલ થવું — બનવું બરાબર બેશરમ! બસ૦

સાથે કશું ના આવશે –
જે આવ્યું જ્યાંથી ત્યાં જશે :
ફર ખ્યાલ શી હાલત થશે ? લે પ્યાલી પી ગરમાગરમ ! બસ ૦

*   *   *

રે કોણ છે કોનું અહીં ?
ઠેર્યાં બધાં તંબૂ મહીં !
હાં ! હાં ! હઠો ! ઠગશો નહીં ! ઉકલ્યો મ્હને સઘળો ભરમ ! બસ ૦

*   *   *

અને, એ પ્રેમથી હૈયુ પરિપૂર્ણ બને એટલા માટે હરદમ એ જ જપાવું જોઇયે. ૐ પ્રેમ ! પ્રેમ ! પ્રેમ !

૨૦ – હાલના જમાનામાં કેટલાક વધારે ભણેલા ભાઈઓ જગત્‌ની સેવાની દલીલ બહુ જોરથી રજૂ કરે છે. જગતની સેવા અને સૌ કોઈને ઉપયોગી થવાની ફરજ બહુ સુન્દર લાગે એવી છે, પરન્તુ ખરા મુમુક્ષુએ તો એવા પોકારોથી મોહ પામવું બિલ્કુલ આવશ્યક નથી. આખું જગત્ કદાપિ ફર્યું નથી અને ફરી શકે એવું કદાપિ સંભવિત નથી. જગત્‌નાં દુ:ખો (૧) આધિભૌતિક, (૨) આધિદૈવિક, અને (૩) આધ્યાત્મિક એ ત્રણ પ્રકારનાં છે અને જો મનુષ્યનું આધ્યાત્મિક દુ:ખ દૂર થાય તો બીજાં દુ:ખો એના ઉપર અસર કરી શકતાં જ નથી. આ મૂળતત્ત્વની વાત છે. આધ્યાત્મિક સુખ એટલે આત્માની પરિતૃપ્તિ એટલે પરમાત્માની પ્રીતિ જો જીવાત્માને અનુભવગમ્ય હોય તો આધિભૌતિક દુ:ખ કે સુખથી એ કેવળ બેતમા બની જાય છે, અને જો આધિભૌતિક રીતે સુખી હોય પણ આધ્યાત્મિક શાન્તિ ન હોય તો ખરૂ સુખ કદાપિ અનુભવમાં આવતું નથી. આટલા માટે પ્રભુપ્રીતિના અભ્યાસ વડે

આત્માની કાયમની શાન્તિ એ એક જ જીવાત્માને સર્વસ્વને ભોગે પ્રાપ્તવ્ય વસ્તુ છે. આ વાત જ્યાં સુધી સ્વીકારાશે નહીં, ત્યાં સુધી એક માણસ કે લાખો માણસોની પ્રજાઓ સનાતન સુખ અને શાન્તિથી દૂર જ રહેશે. સારૂં યુરોપ અત્યારે ભયંકર કતલખાના જેવું બન્યું છે તે પણ આ લભ્ય સત્યનો અનાદર થવાને લીધે જ છે. બાકી આધિભૌતિક બાબતોમાં તો યુરોપની પ્રજાઓને કંઈ યે કમી નથી, છતાં લાખો માણસોનો સંહાર કરવાનું કર્મ યુરોપિયન લોકો શું કામ કરે છે? આધ્યાત્મિક સુખશાન્તિની અવગણના અને આધિભૌતિક સુખશાન્તિની બેશુમાર પર્વા એ જ મુખ્ય કારણ છે. મનુષ્યે અને પ્રજાઓએ આ ઉપરથી ચેતવું જોઇયે, સાર લેવો જોઇયે અને સમજવું જોઇયે કે કોઈ પણ દૃશ્ય પદાર્થ એવો નથી કે જે જીવાત્માને કાયમની શાન્તિ આપી શકે. જન્મ્યા પહેલાં જે ઘેર નિવાસ હતો અને મૃત્યુ પછી જે ઘેર નિવાસ થવાનો છે તે ખરા વતનની સાથે જ જીવાત્માને સાચો સંબન્ધ છે અને તે વિનાની બીજી બધી બાબતો કેવળ હંગામી (યાને temporary) છે. ॐ तत्सत् ॥

૨૧ – અને, પોતાનામાંથી કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે દુશ્મનોની સત્તા પૂરેપૂરી નાબૂદ કર્યા વિના બીજાને સુધારવાની અને સેવા કરવાની પોકો પાડનારા અને લેખો લખનારા કે ભાષણો કરનારા આપણા ભાઈઓને તો શું કહી શકાય? ખરે, એ દશા જ કંઈ એવી હઠીલી છે કે એ દશામાં મનુષ્ય કોઈનું સાંભળવાને પાત્ર પણ હોતું નથી. વારંવાર નિરાશાઓ મળે અને પોતાની જાતને જ અનુભવો થાય, ત્યારે જ મનુષ્ય શિક્ષણ સ્વીકારી શકે છે. ખરૂં તો એ છે કે, પોતાને પૂરેપૂરૂં સુધાર્યા વિના મનુષ્ય અન્યને સુધારી શકતો જ નથી – ખરી અને ઊંડી ટકે એવી સેવા કરી શકતો જ નથી;

માટે જગત્‌ની સેવા કરવી હોય કે જગત્‌ને સુધારવું હોય તોપણ મનુષ્યે પોતે જાતે શ્રવણ, **મનન, ચિન્તન અને પ્રભુની** પ્રીતિના **અભ્યાસ** વડે પોતામાં પહેલાં **પ્રભુને** ભરવા જોઇયે – પોતામાં પહેલાં જાતે અનુભવવા જોઇયે અને **તો જ** મનુષ્ય **સાચું મનુષ્ય** બની શકે અને પોતે એવી ઊંચી સ્થિતિના સ્વાનુભવ વિના પણ જગત્‌ની સેવાની વાતો કરવી એ તો મૂર્ખાઈ જ લાગે છે – અને **એકલી** મૂર્ખાઇ નહીં પણ કંઈક મૂઢતા સુદ્ધાં લાગે છે : –

— ૧૦ —

કોઈ ભલો મૂર્ખો હતો – વ્રત લીધું એવું નવું કંઇ : –
'જગ રંગું લાલ બધું જ તો – બસ જોઉં યાજીવું નહીં !' કોઈ૦

લાખો 'બજેટ' બનાવતો !
કંઈ ભાવતાલ પૂછાવતો !
પત્તો ન તો યે લાગતો ! બર્બાદ સૌ મ્હેનત થઈ ! કોઈ૦

ગુરુ જાણભેદુ વચન કહ્યાં : –
'અય મૂર્ખ ! જગ રંગાય ના !
'અજી ! લાલ ચશ્માં પ્હેર આ – મૂર્ખા ! ઉમર એળે ગઇ ! કોઈ૦

'બધી પૃથ્વી ચર્મ મ્હડાય ના !
'જાતે જૂતી પ્હેરાય ! હાં !
'ના ના જહાં બદલાયના ! પણ થાય લય પોતા મહીં !' કોઇ૦

'સાગર ! હયાતી આપની –
'બપની ભલા જગને હતી !'
શી મૂર્ખતા એ ઊંઘની ! અજી ! હું નહીં તો જગ કહીં ? કોઈ૦

સર્વોપરિ સત્યમાં તો એક વાત એવી પણ છે કે " પોતાની જગદાકાર વૃત્તિનું નામ જ જગત્ અને એ વૃત્તિ તો બ્રહ્માકાર એટલે શ્રી હરિમાં ખોવાવા માંડે એટલે જગત્ જગત્ રહેતું જ નથી પણ ૐ બને છે ." છતાં તત્ત્વજ્ઞાનની એ ઊંડી વાતો – જે સ્વાનુભવ વિના બહુ ખપની નથી તેમાં અત્યારે તો આપણે નહીં ચડીએ . ૐ तत्सत् ॥

૨૨ – પોતાના હૃદયને શ્રી હરિનો રંગ લગાડવાનો છે એ હરકોઇથી બની શકે એવું છે – જો થોડી , પણ ખરા દિલની મરજી થાય તો . કેટલીક વાર મન આસપાસની સ્થિતિનો અને બીજાંઓનો દોષ કહાડે છે અને પોતે અટકી પડે છે . ' શું કરીએ ? કશો ઉપાય નથી ' એવું માની લઇને પ્રમાદમાં પડી રહે છે ! વેપાર , ધંધો , નાતજાત , સગાંવ્હાલાં અને એવી બાબતોમાં તો પ્રમાદ નડતો નથી ! માત્ર એક જ વાતમાં પ્રમાદ થાય છે અને બીજાંનો દોષ કહાડવાનું ગમે છે અને તે પણ જે કામ યુગોના યુગોથી જીવાત્માએ મુલ્તવી રાખ્યું છે તે પરમાત્મામાં પ્રીતિ લગાડવાનું કામ ! એમાં જ પ્રમાદ અને એમાં જ બીજાનો દોષ ! ખરૂં તો એ છે કે : –

– ૧૧ –

બીજાને દોષ ન દઇયે : મુમુક્ષુ હો ! બીજાને દોષ ન દઇયે .
ભાસ્યું બીજું જીવ ત્યાંથી જ ભૂલ્યો ! ભૂલ્યો ડૂબે ભવદરિયે . મુ૦
ઊંધે સ્વમુખે મસી ઘસી મેલે ! દર્પણ દુષ્ટ ન કહીએ ! મુ૦
ચિત્તવિકલ્પ જ હસ્તી જગતની ! છેદવી જડ નિજ હૈયે . મુ૦
ત્રિગુણી જગત નિજ ચિત્તનો પડઘો ! ચિત્તે સમાધિસ્થ થઇયે . મુ૦
આગર હરિગુરુસન્ત પ્રસાદે , હદ વટી બેહદ રહીએ . મુ૦

અને ખરૂં તો એવું છે કે પોતાની નિર્બળતાનો અને પોતાની અભક્ત વૃત્તિઓનો આરોપ બીજા ઉપર મૂકવામાં હઠીલા મનની હરામખોરી વિના બીજું કશું નથી. એ હરામખોરી માટે તો એને શિક્ષા કરીને માર્ગે ચડાવવું જ જોઇયે. ॐ तत्सत् ॥

૨૩—આ જીવાત્માએ લાખો વાર શરીર ધારણ કર્યું, લાખો વાર ઘરસંસાર ભોગવ્યો, લાખો વાર ઇન્દ્રિઓને લાડ લડાવ્યાં અને લાખો વાર સગાંવ્હાલાં અને કુટુમ્બકબીલામાં રચ્યોપચ્યો રહ્યો! હવે આ એક જન્મમાં કદાચ એ બધી બાબતો ઓછી બની શકે અને માત્ર શ્રી હરિનામનું જ ખૂબ તાન લાગે અને એમાં જ એ લેહલીન બની જાય તો એને માટે એ એક જ સર્વોપરિ ઉચિત કર્તવ્ય નથી? એ એકલું જ બાકી છે અને બીજાં બધાં કર્મો એણે જરૂર જ પૂર્વે કરેલાં છે મોડું કે વહેલું પણ જીવાત્માને એ કરવાનું તો છે જ કેમકે જીવાત્માને એના વિના કાયમની શાન્તિ (Eternal Peace) પ્રાપ્ત થવાની છે જ નહીં. જીવાત્મા જાતે પરમાત્માનો બન્ચો છે અને માટીનો બન્ચો નથી એટલા માટે માટીના પદાર્થોથી એ પૂરેપૂરી તૃપ્તિ પામી શકે જ નહીં, પણ પરમાત્મપ્રીતિમાં ભળી જાય ત્યારે જ પૂર્ણ તૃપ્તિ (Satiety of the Soul) પામી શકે. પોતાના સ્વરૂપનું અનુભવજ્ઞાન થાય ત્યારે જ હુંપણું પૂરેપૂરૂં શ્રી હરિના વિરાટ સ્વરૂપમાં શમી જાય. શ્રી ભક્તિમહારાણી જ એમાં મુખ્ય કર્તાકારવતા છે. વારંવાર વિચારીને શ્રી હરિનામના સતત અભ્યાસ વડે દિલમાં ઠસાવી દેવું જોઇયે કે:—

સાગર! જગવ્યવહાર સૌ, કેવળ સ્વપ્ન સમાન!
સુધરો કે બગડો ભલા! નહીં વૃદ્ધિ નહીં હાણ!

— ૧૨ —

આત્મજ્ઞાન શીરમણી, સજનતેં આત્મજ્ઞાન શીરમણી.
ગુરુ બિન કોઉ જ્ઞાન ન પાવે, ગુરુજી જ્ઞાનનિઃસરણી. સ૦
બિના ભક્તિ ગુરુકૃપા મીલે ના! ભક્તિ જ્ઞાનનિર્ઝરણી. સ૦
જ્ઞાન રામજી! ભક્તિ સીતાજી! ઈસી બિધિ એકીકરણી. સ૦
બ્રહ્મરતિકો યતિ કોઉ ભોક્તા! અજર અમરસતીરમણી! સ૦
સાગરરાજ સુગમ ગુરુનૌકા! પલ્લે પાર ઉતરણી. સ૦

જોઈ શકાય છે કે શ્રી હરિના ચરણમાં પહોંચવાને માટે સૌ કોઇને કાજે માર્ગ ખુલ્લો છે — માત્ર તેને માટે જ માર્ગ નથી કે હઠીલું થઇને જેને જવું જ નથી. ૐ तत्सत्॥

૨૪ — આપણે એવી સર્વોપરિ ભૂમિ ઉપર શરીર ધારણ કર્યું છે કે જે દેશમાં શ્રી હરિનું સમર્થમાં સમર્થ નામ અને એનો અતુલ મહિમા આપણને કોડી પણ ખર્ચ્યા વિના કેવળ મુફતમાં મુફત વારંવાર સંભળાવવામાં અને સમજાવવામાં આવે છે! પવિત્ર ભરતખંડનો મહિમા આજકાલ જેને 'સાયન્સ' કહે છે તેમાં નથી એ વાત કદાચ ખરી હશે, પણ તેના પર થયેલાં સંતસતીઓ અને સાધુમહાત્માઓ તથા પરમાત્મપ્રેમમાં તલ્લીન થયેલાં ભગવદીય મહાજનોને લીધે જ ભરતખંડ જગતમાં સર્વોપરિ છે. દુનિયામાં બીજો એવો દેશ છે જ કયાં કે જેમાં રાજાઓને અને મહારાજાઓને બહારનું બધું સુખ ને બધો વૈભવ છતાં પણ પ્રભુ વિના અતૃપ્તિ અને અસંતોષ થયાં હોય? કેવી દૈવી ભૂમિ? કેવી અદ્ભુત ભૂમિ? આવી ભૂમિમાં જન્મીને માત્ર શરીરનાં જ સુખમાં મચ્યાં રહેવું અને પ્રભુમાં ઘેલાં ન બનવું એ શું ખરેખર શરમ ભરેલું નથી? એકદમ ચેતવું જોઇયે — કશા વિલંબ વગર જરૂર જ ચેતવું જોઇયે. પ્રભુના અનુભવ વિના બીજું કાયમનું શું છે?

— ૧૩ —

આવ્યો નગન જાવું નગન !
કોનો છગન ? કોનો મગન ?
ગુરુનામથી લાગી લગન — જીવું છું બસ મ્હેમાન શો !
— ઘેલું મ્હને લાગ્યું કશું ! હરદમ રહું બેભાન શો !

એવું થવું જોઇયે, અને એટલા માટે તો —

સાગર પી લે લે શી શરમ !
ખીલતી જવાનીના કસમ !
કર કર સુફલ મોંઘો જનમ ! છે મુલક હિન્દુસ્તાન શો ?
— ઘેલું મ્હને લાગ્યું કશું ! હરદમ રહું બેભાન શો !

સંસારનાં અલ્પ કાળનાં સુખદુઃખ એ કંઈ કાયમનાં સુખ દુઃખ તો નથી ને ? અને કાયમનાં સુખશાન્તિની વિચારણા છોડીને જે જીવાત્મા આ માંડમાંડની દુનિયાને સાચી માનીને ઝિન્દગાની બરબાદ કરે છે એ ખરેખર મૂર્ખતામાં જ જીવે છે. ૐ ॥

૨૫ — પણ, ટુંકી વાત કરતાં કરતાં વિસ્તાર બહુ થઈ ગયો — જાણે મુમુક્ષુવિચારણાનું નાનકડું શાસ્ત્ર બની ગયું છે ! ભલે બન્યું ! — શ્રી હરિની મરજી ! ગમે તેમ કરીને આ વાતો અંદર લખી લેવી જોઇયે. સાગર જ્યારે ચિત્રાલ ગામને આંદરે પર્ણકુટીના આશ્રમમાં રહેતો હતો, ત્યારે પાસેના એક આમલીના વૃક્ષ ઉપર એણે સુન્દર અક્ષરથી લખીને કેટલાંક ધર્મસૂત્રો ચોટાડયાં હતાં. એમાંનાં થોડાંક નીચે પ્રમાણે છે :—

८ सत्यान्न प्रमदितव्यम् ।

સત્યમાં પ્રમાદ ના કર. (ઉપનિષત્.)

९ कर्तव्यान्न प्रमदितव्यम् ।

કર્તવ્યમાં પ્રમાદ ના કર. (ઉપનિષત્.)

કલ કરે સો આજ કર, આજ કરે સો અબ !
અવસર બીત્યો જાત હૈ, ફેર કરેગા કબ ? (ભાઈ જીવનીરામ.)

१० मन्तव्यं सत् । कर्तव्यं दृढ ॥

માનવું તે સત્ ને કરવું તે અડગ.

११ नायमात्मा बलहीनेन लभ्यः ॥

આ આત્મા બાયલાઓને મળતો નથી. (ઉપનિષત્.)

૧૪ પોથી પઢ઼ પઢ઼ જગ મુવા ! ભયા ન પંડિત કોય !

અઢાઈ અક્ષર પ્રેમ કે, પઢે સો પંડિત હોય ! –
સીયાવર રામચંદ્રકી જય ! (તુલસીદાસજી.)

૧૯ નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએરે !

(નરસિંહ મહેતા.)

૪૩ Where there is a Will there is a Way.

પૂરેપૂરી ઇચ્છા છે તો માર્ગ છે જ છે.

૪૬ મીલ ગયા માલ તો કયા પરવા ? –
ઉતર ગઈ ખાલ તો કયા પરવા ? (નઝીરશાહ .)

૪૯ તુઝે હૈ શોક મીલનેકા તો હરદમ લૌ લગાતા જા !
(ત્હને મન હોય મળવાનું તો હરદમ લહે લગાડી દે !)

૫૦ ગુરુ ગુરુ જપના ઔર સબ સુપના !

૭૧ FORGET યાને ભૂલ જાવ !

૭૨ DIE યાને મર જાવ !

૮૬ ગુરુ ગુરુ ગુરુદેવકી જય !
જય જય ગુરુદેવકી જય ! ગુરુ ગુરુ ૦

૮૮ DO ડી ઓ = ડુ યાને જરૂર કરો .

અને છેલ્લું ધર્મસૂત્ર એ જ જીવનને અમૃતરૂપ છે, એ આટલા બધા વિવેચન પછી કેહવાની શી જરૂર છે ? ॐ तत्सत् ॥

૨૬ – શ્રી હરિની આપણને ખરી ગરજ ઉત્પન્ન થાય, ખરી તરસ માત્ર એની જ આપણને લાગવા માંડે અને એની જ પ્રીતિના રસમાં આપણે પૂરો આનન્દ માણતાં શિખીએ ત્યારે જ આપણું મનુષ્યતન સાર્થક થાય, કેમકે, ખરી તરસ વિના અને ખરી ગરજ વિના એ રસ જીરવી શકાતો જ નથી. એ રસ ! આહા ! એ રસ! પ્રભુની પ્રીતિનો રસ! એ રસ! એ રસ કોણ પીએ ?

— ૧૪ —

એ રસ કોણ પીએ? તરસ વિના એ રસ કોણ પીએ ?
રસિયાં, તરસિયાં કે કોઈ દરદિયાં, બનીને ગરજિયાં પીએ !
તરસ વિના

જે રસ નારદ, શારદ પીધો જનક, સનક શુકજીએ ! તરસ૦
એ રસ પાખી અગન લગી જેને, તે તો જગત કેમ જુવે ? તરસ૦
જે રસ પીધો ધ્રુવે પ્રહ્‌લાદે, તુલસી, કબીર, નરસિંહે ! તરસ૦
ધન્ય હો વ્રજની વનિતા પીનારાં, કરમા, મીરાં ને તોળાંદે ! તરસ૦
સાગર ગુરુવર એ રસ પાયો ! ખેલત નિત રસદરિયે ! તરસ૦

ॐ तत्सत् ॥

૧૭ — અને એ રસ—શ્રીહરિની પ્રીતિ અને કૃપાનો અમર-રસ ! એને જીરવ્યા પછી તો પરમ દયાલુ ગુરુ મહારાજની કૃપાથી કોઈ એવી જ ખુમારી રગે રગે ચડી જાય છે કે આહા ! ક્યા બાત ! એ ખુમારી ! આહા !—ક્યા જાને કુંવારી ખસમકી બાત ! એ ખુમારી ! આહા ! અજબ ખુમારી !

— ૧૯ —

અજબ ખુમારી ચડી—હાં હાં રે ભાઇ ! અજબ ખુમારી ચડી !!
બાવન હર્ફો પૂરા ન જાણું ! ભણ્યો હું અક્ષર અઢી ! હાં હાં૦
પ્રેમરસાયન પીતાં પીતાં, ખબર અગમની પડી ! હાં હાં૦
છુપે મારગ જાતાં જાતાં, જડી ગુરુજીની મ્હડી ! હાં હાં૦
એલે ગુરુજી મુજ ગેડી દડે, ભાઈ ! હું તો ગુરુજીની દડી ! હાં હાં૦
સાગરરાજ ગુરુગમ પામ્યા ! ગડગડી નોબત બડી ! હાં હાં૦

પણ બસ — વધારે વિસ્તાર હવે નહીં કરીએ — બધાં ભાઈઓ અને બાઈઓ આ વાંચો, વિચારો અને કશા વિલંબ

વગર જ એને **આગ્રહથી અનુસરો**, એમાંની ઉપયોગી કલમો વારે વારે વાંચો અને દિલની અંદર **કાયમની સુરખીથી** લખી રાખો. તમારૂં પોતાનું ડહાપણ કૃપા કરીને જરૂર બંધ કરો, પ્રતિજ્ઞાપૂર્વક નિયમોનું પાલન કરો અને મુશ્કેલીઓ, હરકતો અને દુઃખો આવે ત્યારે ચોક્કસ સમજો કે : –

— ૧૬ —

જ્યમ જ્યમ દરદ આવ્યાં કરે, ખૂબ ખૂબ ખૂશી ત્યમ માણવી :
સમજી જવું કે દિલબરે કંઇ ભેટ આપી નવી નવી ! જ્યમ ૦

સુખ કાજ શાને આથડે ?
સુખદુઃખ બધું છે મન વડે :
મનથી ચડે મનથી પડે, મનથી બન્યું છે માનવી . જ્યમ ૦

આશક થવું નથી મશ્કરી –
દિલ્દારથી **ખરી** દિલબરી !
આ ખલ્કને ખારી કરી, મર્દાનગી બતલાવવી ! જ્યમ ૦

શી **પ્રીતિ** ચીજ, અહો ! બડી !
ન ટકે બીજી જ્યાં વાતડી !
બસ હોય તેણે અબ ઘડી – સારી જહાંને પી જવી ! જ્યમ ૦

સાગર જીતી લીધી ઝિન્દગી –
અવ્વલથી – હાં – આખર લગી --
બસ હોય **સાચી** દિલ્લગી તો મુક્તમાં લ્યો લઈ જવી ! જ્યમ ૦
ૐ तत्सत् ॥

૨૭ – અને હવે ઉપસંહારમાં, એક બે મુદ્દાની વાતો કરી લઇને એ સૂચનાઓ સાથે તમને આ પત્ર અંદર લખી લેવા

માટે ભેટ આપી દઈશું. પહેલું તો એ કે, જેને માત્ર પુસ્તકીઆ જ્ઞાન છે અને જે માત્ર ચોપડીઓમાં લખેલું વાંચીને જ જ્ઞાનની અને પ્રભુની વાતો કરે છે અને જેનું જીવન હર્ષશોકથી રહિત શુદ્ધ પ્રભુમય નથી, તેના સંબન્ધમાં મુમુક્ષુએ રહેવું એ ઉપયોગી નથી. ઉપયોગી નથી એટલું જ નહીં, પણ હાનિ કરનારૂં છે — એટલું બધું નુકસાન કરનારૂં છે કે જાણે રગે રગમાં ઝેર દાખલ કર્યા બરાબર છે; માટે જ્યારે જ્યારે એવા સંગમાં આવવાનું બને ત્યારે ત્યારે ચેતી જવું અને એ પ્રસંગ અટકાવવાને બધું બળ વાપરવું. ચાલુ ઝમાનો તર્કવાદીપણાનો ઝમાનો છે અને એમાં તો એવા પ્રસંગો માણસને આવવા બહુ સંભવિત છે. એકલું મગઝ જ પ્રભુની વાતો પટપટ બોલી જાય અને ચિત્તમાં તો દુનિયાના સુખની ચિન્તા અને શરીરને લગતી બાબતો જ ઘોળાતી હોય એવા વાચિક જ્ઞાનીને સાકૂટ (એટલે લૂખ્ખો ફિલ્સુફ) કહેવામાં આવે છે. એવા લૂખ્ખા ફિલ્સુફનું ચિત્ત હર્ષશોકનાં વાદળાંથી ઘેરાયલું અને અન્દર અંધારાના આવરણવાળું હોય છે; તેથી મુમુક્ષુએ બરાબર સમજી રાખવું કે: —

— ૧૭ —

સાખીઓ

'માયા હરિની' કહી ભજે, રચે કહી સંસ્કાર!
સાગર! એ સાકૂટને, શો પુરુષાર્થવિચાર! ૧

જનનાં સુખને ના તજે, સહે ન મનની ભૂખ;
સાગર! મુમુક્ષુએ થવું, એ જનથી જ વિમુખ. ૨

'મૈં હરિમય' કહી લોગવે, જાણે જીવન્મુક્ત!
સાગર! મનને ના દમે, એ સાકૂટ કપૂત! 3

સાગર! ભમવું વન ભલું, ભલી વાઘની બોડ;
પણ સાકૂટ શ્રદ્ધા હીણો, તેશું શીર ના ફોડ. 4

ભૂખે મરવું પણ ભલું, ભલી નીચ ઘર ભીખ;
પણ, સાકૂટના સંગની, સાગર! ધરવી બીક. 5

આ વાત મુક્ષુતા મેળવવા ચાહતા દરેક જીવાત્માએ પાળવી જોઈએ. સારા કે ખોટા કોઈ પણ હેતુથી એવા પ્રસંગમાં મુમુક્ષુએ આવવું એ **માર્ગવિરોધી** છે અને લાજનની હૈયામાં ઊંડે સ્થાપના થાય એમાં, અલ્પમત્ત, બાધક છે. ॐ तत्सत् ॥

૨૯ — મન હમેશાં એકની એક જ હાલતમાં રહેવાને ટેવાયલું હોતું નથી, તેથી એને હાલત બદલવાનું ગમે છે અને જ્યારે જપ કરીને કે પાઠ કરીને એ નવરૂં થાય અને બીજું કામ શોધે ત્યારે ભલે એને વાંચવાને આપવું અને એટલા માટે ધોરણ બહારના **અભ્યાસક્રમમાંથી** નીચેનાં થોડાં પુસ્તકો બતાવવામાં આવે છે. એ પુસ્તકો એવી રીતે વાંચવાં કે જાણે એની નકલ આપણે આપણી અંદર લખતા જઈયે છીએ. પુસ્તકો પોતાની માતૃભાષામાં જ વાંચવાં એ સૌથી વધારે ગુણકારક છે. બની શકે તો એ વારંવાર અને ફરજિયાત વાંચવાં એટલે અંદર છાપી દેવાં કેમકે વાંચવું એટલે To read નહીં, પણ To master = To have mastery over it વાંચેલું પોતાનું કરવું.

(૧) પ્રીતમદાસજી — એમના બે કક્કા અને બે મહિના તથા

કેટલાંક ભજનોનો મુખપાઠ અને રટણ, મુખપાઠ અને નિત્ય પાઠ.

(૨) નારદભક્તિસૂત્ર.

(૩) શ્રીમદ્ભાગવત. માત્ર એકાદશ સ્કન્ધ.

(૪) વૈરાગ્યશતક ભર્તૃહરિનું.

(૫) અષ્ટાવક્રગીતા – પહેલાં બાર કડવાં – ૯ – ૧૦ – ૧૧ ને ૧૨ નો મુખપાઠ અને રટણ.

(૬) કલાપીના સંવાદો.

(૭) વિવેકાનંદજીનો ભક્તિયોગ. (એકલો.)

(૮) પરમહંસ રામકૃષ્ણદેવનાં બોધવચનો નિત્ય પાઠ.

(૯) યોગવાસિષ્ઠમાંથી વૈરાગ્યપ્રકરણ (એકલું)
ॐ तत्सत् ॥

૩૦ – માત્ર પુસ્તકોના જ વાચન ઉપર જે આધાર રાખી રહે છે, તેનો પ્રભુપ્રીતિનો અનુભવ બન્યો રહેતો નથી. પ્રભુપ્રીતિનો અનુભવ બન્યો જ રહેવાને તો લાખો શબ્દોનો નહીં, પણ માત્ર એકજ શબ્દનો આધાર બસછે, પૂરેપૂરો સમર્થ છે; પણ મનન કરવાની ટેવ પૂરેપૂરી જામી જાય ત્યાં સુધી ઉપરનાં પુસ્તકોનું વારંવાર વાચન અને અભ્યાસ ફરજિયાત સમજીને કરવાની જરૂર છે. બાકી ત્રિવિધિ તાપનું નિવારણ કરનારી ખરી જડી બુટી તો ચોપડીઓમાં નથી જ નથી પણ એક જ શબ્દને પૂરેપૂરો પચાવવામાં છે – દાક્તરો જેમ રસી મૂકે છે તેમ એક જ શબ્દની અંદર રસી મૂકાવવામાં છે, અને તેથીજ કહેલું છે કેઃ–

— ૧૮ —

હાં ! હાં ! જડીબૂટી જડી ! એક જ મતિ ! એક જ ગતિ !
ગુરુશબ્દતરુવર પર ચડી – ચડી તે ચડી દિલવેલડી ! હાં ! હાં ! ૦

ગોખી , પૂછી , ચિન્તન કરી –
હું ભણ્યો ભૂલી ભૂલીને ફરી –
સર્વોપરિ છો શ્રી હરિ – ભરૂંસો બીજો જ નથી નથી . હાં ! હાં ! ૦

ગુણરૂપ પર શું મોહીએ ?
મનુદેહ વ્યર્થ ન ખોઇએ :
દિલ પ્રીત અવિચલ જોઇયે – સુખ શું કરૂં ઘડી બે ઘડી ? ! હાં ! હાં ! ૦

મુર્શિદનો વાગ્યો શબ્દ –
વેઠયાં મીઠાં દિલનાં દરદ –
રદ – રદ ! અજી ઓરત મરદ ! ઉઘડી અજાયબ આંખડી ! હાં ! હાં ! ૦

ગુરુદેવને કદમે પડી –
તોબાહ પુકારી રડી રડી –
છે ખુલ્લી સાગર છાતડી – ઝડપી લીધી ઝીણી વાતડી ! હાં ! હાં ! ૦

એ પ્રમાણે શબ્દરૂપી તરુવર ઉપર હૃદયરૂપી વેલડીએ ચડી જવું જોઇયે અને એને આધારે જ બધું જીવન જીવવું જોઇયે . ધૂન મચાવીએ : – ૐ જય જય પરબ્રહ્મ સદ્ગુરુ !

૩૧ -- ઘરબાર છોડીને બાવા થઈ જવાનું કોઈ કહેતું નથી , હાં ! કેમકે શ્રી હરિને મેળવવા માટે બાવા જ થવું પડે એવો કંઇ ચોક્કસ નિયમ નથી અને કપડાં રંગેલા બધા બાવાઓએ હરિને મેળવેલા જ હોય છે એવું પણ નથી . છતાં , અલબત્ત એ તો ચોક્કસ છે કે ઘરબારી રહેવા છતાં દુનિયાદારીના કીડા જેવું કામ , ક્રોધ , લોભ અને મોહવશ મન તો પ્રભુનાં દર્શન

સમજી પણ શકે નહીં, તો કરી તો શકે જ ક્યાંથી? માણસ બાવાજી બને કે ન બને એ બહુ મહત્ત્વની વાત છે જ નહીં, પણ, મહત્ત્વની વાત એ છે કે એણે હૃદયને તો ભગવો રંગ ચઢાવીને બાવા બનાવવું જ જોઇએ, કેમકે હૃદયમાં સાધુપણું આવ્યા વિના આપણી દુનિયાદારીની ભાવનાઓએ દાખલ કરેલો અહંપણાનો કચરો દૂર થતો નથી અને એ કચરો દૂર થયા વિના શ્રી હરિનાં દર્શન થતાં નથી અને કદાચ કોઈ વાર કંઈ પરોક્ષ ઝાંખી થાય તો કાયમની ટકતી નથી -- આટલા માટે જો જરૂરનું લાગે તો બહુ વિચાર કર્યો વિના જ અમુક કાળ એકાન્ત, શાન્ત અને પવિત્ર સ્થાનમાં અથવા તો કોઇ પૂજ્ય સન્ત મહાત્માની સેવામાં આજ્ઞાધીન રહીને ગાળવો યોગ્ય છે. લાંબા કલ્લાકો સુધી મનને હરિભજનમાં લીન રાખીને એકાન્તમાં કસવું જોઇયે. નારદભક્તિસૂત્રમાં તેમ જ શ્રીમદ્ભગવદ્ગીતામાં 'અસંગ' શબ્દ ઉપર કેટલો બધો ભાર મૂક્યો છે, એ જરા વધારે ધ્યાનથી શોધી કહાડો અને માટે જ :--

-- ૧૯ --

ભજન તો એકલાનું ભાઈ, ભજન તો એકલાનું હો!
નહીં કારજ અવર ભળ્યાનું હો! ભજન તો એકલાનું હો!
ધ્યાન, ભજન, એકાકી, અસંગી, આસન બસ અચલાનું હો! ભ૦
એકલમલ થવું સ્વાશ્રયી પૂરણ, રટણ ત્રિગુણ ટળ્યાનું હો! ભ૦
જાય વિજોગણ પિયુની પથારી, સંગ ઘટે ન પાળ્યાનું હો! ભ૦
પ્રકૃતિ સંગવતી ઠગી લેતી, સાધનધન ભલભલાનું હો! ભ૦
સાગરરાજ સહજ ગુરુગમ હાં! હારદ હરિશું મળ્યાનું હો! ભ૦

અને પરમાત્માની સર્વતોભદ્ર કૃપાનો જેને અમુક થોડે અંશે પણ અનુભવ છે -- અને પ્રભુકૃપાનો અનુભવ કોને નહીં હોય? -- તે જો આ પ્રમાણે હરિભક્તિમાં કમર કસીને રોકાઈ જાય નહીં, તો તમારા આ મિત્રના સમજવા પ્રમાણે એ,

અલબત્ત, એક શિક્ષાયોગ્ય અપરાધ છે. આપણે એવુ ન કરીએ એ જ ઇચ્છવા યોગ્ય છે, ઓ પ્યારાંઓ! ॐ तत्सत् ॥

૩૨ — જ્યાં જ્યાં સમજાય નહીં ત્યાં ત્યાં તમે બેલાશક ખુશીથી પૂછશો અને જો જાણતો હશે તો તમારો આ સેવક તમને જરૂર કહેશે. માર્ગની વિકટતા જેટલી પ્રવાસ આરંભતા પહેલાં લાગે છે તેટલી બધી પ્રવાસ કરવા માંડયા પછી લાગતી નથી — મનને ટેવ પાડવી જોઇયે અને સામે થાય કે બ્હાનાં બતાવે તો ફટકારવું જોઇયે. થોડાક ફટકામાં તો મન સીધું થઈને માર્ગે ચડવા માંડે છે અને છેવટે શ્રી હરિનું નામ એને ગમતું થવા માંડે છે એટલા માટે ગભરાયા વિના સતત અભ્યાસ જ કર્યા કરવો. આ જ માર્ગ છે. ॐ तत्सत ॥

૩૩—બન્ધુ! શ્રી હરિ એના ભક્તોથી દૂર નથી. પરમાત્મા બધું કરી શકે છે પણ માત્ર એક જ વાત એવી છે કે જે પરમાત્માથી જરૂર જ બની શકતી નથી અને તે એ કે સાચા અને કાયમના પ્રેમથી ભજન કરનારની આગળ પરમાત્માથી છાના રહી શકાતું નથી. શ્રી કૃષ્ણ નારદજી ને સ્પષ્ટ જ કહે છે કે :—

नाहं वसामि वैकुण्ठे, योगिनां हृदये नहि ।
मद्भक्ता यत्र गायन्ति . तत्र तिष्ठामि . नारद ॥

(શ્રીમદ્‌ભાગવત.)

ના ના વૈકુંઠમાં હું વિરાજું રે,
નહીં યોગી ઉરે, કહું સાચું રે,
ગાય ભક્તો મ્હારા તહીં નાચું —

લીધું હરિનામ, સોહિ નર જીવ્યા રે —
બીજા જીવ્યા તે તો જાણે મુવા ! લીધું ૦

(દીવાને સાગર પ. ૪૭૨)

દૂર નથી ! – દૂર નથી – **શ્રી હરિ** દૂર નથી પણ અભક્ત વૃત્તિઓને ભક્ત બનાવવાનું કામ સર્વસ્વને ભોગે આપણે કરવું જોઇયે – અને તો તો સ્પષ્ટ જ છે કે : –

સાગર રામ નથી ભાઈ છેટા – કદમ ભરો હાં એક જ વામ !
સાધુ ભાઇ બોલો **જય જય સીતારામ** ! : –

— ૨૦ —

જય જય સીતારામ ! સાધુ ભાઈ બોલો – **જય જય સીતારામ** !
જોદ્ધા થઈને જુવો અજોદ્ધા – ગગન ઉપર કોઇ ગેબી ગામ !
સાધુ ભાઈ ૦
સરજુતીર સુષુમ્ણા સમજો , ઉનમુન ઘરમાં આતમરામ !
સાધુ ભાઈ ૦
મુનિ બનીને ધૂન મચાવો ! જુવો ધણીનું અદબદ ધામ !
સાધુ ભાઈ ૦
ભજન કરે , ભાઇ ! **રામ** તમારૂં ! ક્ષણ પણ લેતા નથી વિરામ !
સાધુ ભાઈ ૦
સાગર રામ નથી ભાઈ છેટા ! **કદમ ભરો – હાં એક જ વામ** !
સાધુ ભાઈ ૦

૩૪ – છેલ્લાં ભજનો પણ તમને ઉપયોગી થશે એમ ધારીને આ નીચે લખી મોકલવામાં આવે છે કેમકે Short is the life and long is the run – **गृहित इव केशेषु मृत्युना धर्ममाचरेत्** અને **धर्मस्य त्वरिता गतिः ॥** ધર્મકાર્યમાં આપણે એટલી બધી ત્વરા કરવી જોઇયે કે જાણે મોતે ચોટી પકડી છે અને હમણાં આપણને લઈ જશે માટે **એકદમ જ કરવું** – વ્યાવહારિક કાર્યોમાં ભલે વિલંબ થાય અને નુકસાન થાય ; એ ખૂશીથી વેઠાય પણ ધર્મમાં એટલે પરમાત્માના ચિન્તનમનનમાં તો ક્ષણનો પણ વિલંબ થવો ન જોઇયે .

— ૨૧ —

ગુઝરી ગઈ ગઈ કાલ તો !
નથી જન્મી આવતી કાલ તો !
છે મૌજ બસ અભી હાલ તો , લ્યો બદલી આજ નસીબને !
— ખૂશ ખૂશ રહો , અય આશકો ! છોને ગમે તે બસ બને !
પળ એક પણ ના દર્દ હો ! ભેટી રહો માશૂકને !

અજી ! 'હું હું' ત્યાં જ રહ્યું જગત્ !
ધણી કર ખરો ! જગ ચિત્રવત્ !
છે વસ્તુ બસ ! ના સત્ અસત્ ! આંખો મીંચી જો ગેબને !

શું પુણ્યમાં કે પાપમાં —
શું થાપ યા ઉત્થાપમાં —
ચોખ્ખા જિગરની ખાપમાં — ધરી ટેક જો સાહેબને

પોતાના દિલને ચોખ્ખું કરવામાં એક પળનો પણ પ્રમાદ ચાલે નહીં , હાં ! ॐ तत्सत ॥

૩૫ — પરમાત્માનો ન્યાય સંતોના કાયદા મુજબ તો એવો છે કે જેણે રામનામની કમાણી કરી તેજ સૌથી મ્હોટો.

" બાદશાહી સેં બ્હેતર હૈ ગદાઈ તેરે દરકી ! "

એ જ માર્ગ સર્વોપરિ સત્યને બતાવે છે , અને મનુષ્યને જો કંઈ કમાવાનું હોય તો એ જ કમાવાનું છે.

(શએર)

સાગર ! અગર હક્ક બાતમેં કયા હીન્દુ કયા ઈસ્લામ !
પ્યારેસે દિલ્લગી ના લગી તો જિન્દગી હરામ !

* * *

સાગર પીઆ હું મુફતમેં ! બસ **એક સચ્ચી** બાત હૈ : –
જૂઠી જહાં મેં જો કૈસા ઉસ્કા જીના બરબાદ હૈ.

* * *

કોઇ સુને યા ના સુને, હૈ બાત અપની મોજકી ;
બૈઠે શું **સાગર** જાન કે યે સર **હી** હૈ દો રોજ.કી :

આ વાતો **લગનીની સુરખીથી દિલની કિતાબમાં** કાયમની છાપી દેવી જોઇએ. **ભક્તિ**સૂત્ર ઉપર વિવેચન આપણે સાત કલ્લાક સુધી વિચાર્યું હતું અને **બલ્ખબુખારાના બાદશાહ** ઇબ્રાહીમશાહની કથા પણ આપણને યાદ છે. ૐ तत्सत् ॥

૩૬ – **રામ નામનું નાણું ! આહા !** : –

— ૨૨ —

રામ નામનું **નાણું** ! સંતો ! **રામ** નામનું નાણું !
ધનદોલતમાં અમે કમાયા – **ગુરુગોવિન્દ**નું ગાણું ! સંતો ! ૦

દુઃખચિન્તા કે **શોકમોહ**ને, શું કરવાને જાણું !
રામનામથી સભર ભર્યાં સૌ, **ઉભરે** અણુપરમાણુ ! સંતો ! ૦

જોગજગનતપતીરથ સૌમાં, નહીં કોઇ **નામ** સમાણું !
રામગુરુ ગુરુરામ મંત્રને, **ર**મનભે કરી વખાણું ! સંતો ! ૦

ભૂત ભવિષ્ જ્યાં છતે નથી ત્યાં, જીવનાં થાપ્યું થાણું !
મરણ વિના **મરણું** માણ્યું, **ભાઈ** ઉકલી ગયું ઉખાણું ! સંતો ! ૦

ૐ **એક**વીસ હજાર છસોનું, વ્યસન પડ્યું હંસાનું !
વાસ વસ્યો **મ્હોટે ઘર સાગર**, **જી**વતાં જીવિત **મુવાનું** ! સંતો ! ૦

૩૭ – બીજું ભજન પણ વિચારવા યોગ્ય છે અને કદાચ તમને એ ગમશે, અને **અંદર લાખશો તો** જરૂર જ ફળશે : –

.. છે – બાવા – મરવું તો હક્ક છે :
(વણ) રામભજન વિણ જીવવું – બાવા – ધિઃક ધિઃક એ ધિઃક છે !
બાવા ૦
મરવું ધર્મ શરીરી સૌનો ! એમાં તે શું ડરવું ?
પટકુળ બદલી પિયુને મળવું ! ગગન ઉપર ઘર કરવું ! બાવા ૦
પીર પેગમ્બર અવતારીને, પડે શરીર બદલવું :
એવું મરવું સંતોનું ભાઈ! મહાજળે જળ મળવું ! બાવા ૦
ધણીની થાપણ ધણીને સોંપી ! મટી ગયું સાચવવું !
આતમરામ નફકરા થઈને, વાયુલહરવત્ ફરવું ! બાવા ૦
જીવતાને ભય મરવાનો, ભાઈ! પળ પળ રામ સુમરવું :
સાગર સુવો ગુરુને હાથે ! ફરી ફરી નથી મરવું ! બાવા ૦

૩૮ – જીવાત્માએ પરમાત્માનો સ્વાનુભવ પોતામાં થવાને શું શું કરવું જોઇયે એ ગહન પ્રશ્નની એક જ બાજૂ એટલે ભક્તિની જ બાજૂ આપણે ઉપર ઉપરથી આ પત્રમાં વિચારી છે. ભક્તનું જીવન શુરૂ થયા પછી પ્રવાસીને એના કેવા કેવા સ્વાનુભવો થાય છે અને મુમુક્ષુ જીવાત્માની ભક્ત વૃત્તિઓ પરમાત્માને કેવે કેવે સ્વરૂપે જુવે છે અને શી રીતે જુવે છે, એ બધી વાતો આપણે આ પત્રમાં વિચારી જ નથી : કારણ કે ચંચળ મનને જગત્‌ની નાશવંત બાબતોની પ્રીતિમાંથી પ્રભુની પ્રીતિમાં શી રીતે વાળી શકાય એ જ વાત આપણે વિચારવાની હતી અને તેથી ભક્તનું પ્રેમજીવન આપણે ઉકેલ્યું નથી. ચંચળ મનને ચંચળ થવાની ટેવ આપણે જ પાડી છે અને તે એના ઉપર સખ્ત ચોકી પહેરો રાખીને વારંવાર શિક્ષાઓ કરીને ઈન્દ્રિઓને અને વૃત્તિઓને આપણે જ પરમાત્માના ચિન્તનમાં સ્થિર કરી શકીએ. સાગર જો કે જગત્‌માં કોઇનો ગુરુ કે ઉપદેશક નથી તે છતાં જગત્ એ એનું અંગ છે અને તેથી

અભેદભાવે મિત્રતાના રૂપમાં એ હરકોઇને
છે . માનવું અને કરવું એ મુમુક્ષુ થવા આહ
ત્માનું અનિવાર્ય કાર્ય છે , અને જે એ માને અને અક-
જ કરવા માંડે , તે જરૂર પરમ સુખરૂપતાનો અને પરમ
શાન્તિનો અનુભવ કરે . પરમાત્મા કોઈ પડદેનશીન બાનુ નથી
કે એને ફરજિયાત ઑઝલમાં રહેવુંજ પડે ! પણ આપણી
આંખોની આડે આપણે જાતે ઘાંચીના બેલની પેઠે હુંપણાના
દાબડા બાંધ્યા છે અને તે હવે તો મનુષ્યજન્મમાં વૈરાગ્ય અને
અભ્યાસના પરમ પુરુષાર્થ વડે આપણે જાતે જ છોડીને ફેંકી
દેવા જોઇયે . 'દેવ અને ગાડીવાન' ની વાતની પેઠે પરમ પ્રેમ-
સ્વરૂપ પરમાત્મા તો પ્રત્યેક પળે આપણી મદદે તૈયાર જ છે.
એ મદદનું અપાર બળ આપણે એના માર્ગના સાચા પ્રવાસી
થઇયે તો જરૂર જ અનુભવી શકીએ . ચાલો – ત્યારે આપણે
આ પળથી જ એનામાં જીવવા માંડીએ અને બધી નાશ-
વંત બાબતોથી બેપર્વા થઇને એને એકને જ પરમ
પ્રિયતમ ગણીએ અને તો જ આપણે અનુભવીએ કે,
લાખો તોફાનો વચ્ચે પણ આપણો બેડો પાર કરનાર શ્રી
હરિ હાજરાહજૂર તૈયાર છે. ॐ शान्तिःशान्तिःशान्तिः॥

શુ . सागरना ॐ જય સચ્ચિદાનન્દ !

ગુરુ ગુરુ ગુરુદેવકી જય !

જય જય ગુરુદેવકી જય ! ગુરુ ગુરુ ०

ઉના થા સો કહે દિયા! અબ કયા બજાઉં ઢોલ ?
એક શ્વાસમેં જાત હે તીન લોકકા મોલ ! ગુરુ૦ ગુરુ૦

શ્વાસે શ્વાસે રામ કહો ! બૃથા શ્વાસ મત ખોય ,
કયા જાને ઈન શ્વાસકા , આના હોય ન હોય ? ગુરુ૦ ગુરુ૦

દુ:ખમેં સબ હરિકો ભજે , સુખમેં ભજે ન કોય !
જો સુખમેં હરિકો ભજે , તો દુ:ખ કાયકો હોય ? ગુરુ૦ ગુરુ૦

ભક્તિ એસી કીજિયે , જૈસો ટંકણખાર ;
આપ જલે , પર રીઝવે , ભાગ્યાં સાંધે હાડ . ગુરુ૦ ગુરુ૦

ૐ

'તું તું' કરતાં તું ભયા ! મુજમેં રહા ન હુંય !
વારી તેરે નામ પર ! જિત દેખું તીન તુંય ! ગુરુ૦ ગુરુ૦

ૐ

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી ,
જોયું ન જોયું છો બને , જો એક યાદી આપની ! ગુરુ૦ ગુરુ૦

ૐ

આનન્દ મંગળ કરૂં આરતિ , હરિગુરુસંતની સેવા ;
પ્રેમ ધરી મંદિર પધરાવું , સુન્દર સુખડાં લેવા ! આનન્દ ૦

*

તીરથ સૌ સંતોને ચરણે , ગંગા , જમુના રેવા !
કહે પ્રીતમ ઓળખો એંધાણી ! હરિ તો હરિજન જેવા ! આ૦

હરિગુરુસંતકીજય ! ૐ શાન્તીઃ શાન્તીઃ શાન્તી : ॥

પ્રસિદ્ધકર્તા.

મુ. કીમ, (જીલ્લે સુરત.) } સંઘ
ઠા. ૧૧ : ૭ : ૧૯૨૦. } સુરપોળ-તમદ

છાપનાર-વિઠલદાસ હીરાભાઈ "ધી સુંદ
લીમડાચોક—સુરત.